પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૨૦, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૫-૦૯-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 20 PRICE :-RS. 1.50 DATE : 15-09-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભુપેન્દ્ર પટેલ નવા મુખ્યમંત્રીના મંત્રીમંડળમાં યુવાઓને પ્રાધાન્ય મળે તેવી શક્યતાઓ

અમદાવાદ,
ભૂપેન્દ્ર પટેલની નવી ટીમમાં ૨૦થી વધુ મંત્રીઓને સામેલ કરી નવુ પ્રધાનમંડળ રચાશે તેવુ જાણવા મળ્યુ છે. આગામી વિધાનસભાની ચૂંટણીને લક્ષમાં રાખીને તમામ જ્ઞાતિ-સમાજને રાજકીય પ્રતિનિધિત્વ મળે તે આધારે મંત્રીમંડળ રચાશે.ટૂંકમાં નવા મંત્રીમંડળની રચનામાં આનંદીબેન પટેલ જૂથનો હાથ ઉપર રહેશે તેવી ચર્ચાએ જોર પકડયુ છે. કેબિનેટના સભ્યોની પસંદગી કરવા માટે આવતીકાલે મુખ્યમંત્રીના નિવાસસ્થાને એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની કેબિનેટના સભ્યો નક્કી કરાશે. આ યાદી તૈયાર થતા પછી હાઈકમાન્ડના માર્ગદર્શન પ્રમાણે મંત્રીમંડળના સભ્યોની શપથવિધિ માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનો સમય માગવામાં આવશે.ભૂપેન્દ્ર પટેલે મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યા બાદ નવા પ્રધાનમંડળની રચના માટેરાજકીય કવાયત તેજ બની છે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહના આગમન બાદ ભૂપેન્દ્ર પટેલની ટીમમાં કોનો સમાવેશ થશે અને કોનુ પત્તુ કપાશે તેવી રાજકીય અટકળોએ જોર પકડયુ છે.



મંત્રીમંડળની રચનાને લઈને હવે કેન્દ્રીય નિરીક્ષકો અને પ્રદેશના નેતાઓએ વચ્ચે મંત્રણાનો દોર પણ શરૂ થઈ ચૂક્યો છે. સૂત્રોના મતે, નવા મંત્રીમંડળમાં યુવાઓને તક અપાશે. એટલુ જ નહીં, ૬૦ ટકા નવા ચહેરા હશે. બે-ત્રણ દિવસમાં કેબિનેટ કક્ષાના મંત્રીઓની શપથવિધી યોજાય તેવા નિર્દેશ મળી રહ્યાં છે. નવા મંત્રીમંડળમાં કોનો સમાવેશ કરવો અને કોને પડતા મૂકવા તે અંગે કવાયત શરૂ થઈ છે. ભાજપના ટોચના સૂત્રોના મતે, યુપી ફોર્મ્યુલા ગુજરાતમાં અપનાવવામાં આવશે નહીં. બે નાયબ મુખ્યમંત્રી બનાવવામાં નહી આવે. આ માત્ર રાજકીય અફવા પુરવાર થશે. વિજય રૂપાણી સરકારમાં નબળી કામગીરી કરનારાં પાંચ- છ સિનિયર મંત્રીઓને પડતા મૂકવામાં આવે તેમ છે. કેટલાંક મંત્રીઓ અમુક વિવાદોમાં સપડાયાં છે જેના કારણે પક્ષ-સરકારની પ્રતિષ્ઠા ખરડાઈ છે જેના કારણે તેમનુ પત્તુ કપાઈ શકે છે. જયારે સંગઠન સાથે તાલમેલ સાધી અને પ્રજાલક્ષી કામો કરી સારૂ પરર્ફોમન્સ કરનારાં મંત્રીઓને કેબિનેટમાં સૂથાન મળી શકે છે. એવી ય ગણતરી છેકે, મુખ્યમંત્રી તરીકેની ખુરશી પર બેસવાની તક ગુમાવનારા નિતિન પટેલને કેબિનેટ મંત્રીની ઓફર કરાય તેમ છે પણ તેઓ સ્વિકારશે કે કેમ તે અંગે ભાજપના નેતાઓને શંકા છે. નીતિન પટેલને સરકાર અથવા સંગઠનમાં શું જવાબદારી આપવી તે અંગે હજુ અનિશ્ચિતતા પ્રવર્તી રહીછે. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રિસંહ ચુડાસમાને વિધાનસભાના અધ્યક્ષ તરીકે જવાબદારી સોંપવામાં આવી શકે છે. વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી નવા મંત્રીમંડળમાં સામેલ થાય તેવી પૂરેપુરી શક્યતા જોવાઈ રહીછે. કોરોના ઉપરાંત લેન્ડ ગ્રેબિંગ એકટમાં ભૂમાફિયાઓ સામે કડક પગલા ભરનારા પ્રદિપસિંહ જાડેજાને કેબિનેટ મંત્રી બનાવી હાઈકમાન્ડ રાજકીય પ્રમોશન અપાશે.

## ગુજરાતમાં હવે નવા મંત્રીમંડળની નિયુક્તિ થવાની છે ત્યારે જોઈએ કે ભણેલાઓને સ્થાન મળે છે...

ગાંધીનગર,
ભારત દેશ ટેકનોલોજી ક્ષેત્રમાં ખૂબ સારી રીતે આ નવી બધી રહ્યો છે. વિશ્વના દેશોમાં ભારત ચર્ચા સ્થાને છે. હવેની પરિસ્થિતિમાં રાજકીય ક્ષેત્રમાં આવનાર વ્યકિત ઓછામાં ઓછુ ગ્રેજયુટ ભણેલો હોવો જોઈએ. તેવી એક ચર્ચાએ ખૂબ જ જોર પકડયું છે. બીજી તરફ એક રાજકીય વિશ્લેષણો ચોકકસ પ્રમાણે માની રહ્યા છે કે ગ્રામ પંચાયતથી લઈ પાર્લામેન્ટ સુધી વધુમાં વધુ બે ટર્મ સુધી સભ્યપદ રહેવું જોઈએ જેનાથી નવા યુગ પ્રમાણે નવા લોકોને તક જાળવી જોઈએ અને દરેક યુવા પેઢી૧૪મી ગુજરાત વિધાનસભાની વાત કરીએ તો ૩ જુલાઈ ૧૯૧૮ની સ્થિતિએ કુલ ૧૮૨ ધારાસભ્યોમાં ૪૦થી ઓછી વયના ૧૬ છે. જયારે ૪૦ થી ૬૦ વર્ષ સુધીના ૧૨૨ અને ૬૦ વર્ષના વધારે વયના ૪૪ છે. આવી જ એક નજર આ પ્રજાના આ ચૂંટાયેલા સભ્યોના ભણતર તરફ નજર કરીએ તો આપણને શરમ આવશે. જુની અને નવી એસ.એસ.સી. અથવા તેનાથી ઓછું ભણતર ધરાવતા ૫૭ સભ્યો છે. તેવી જ રીતે એસ.એસ.સી.થી વધારે અને સ્નાતક અથવા તેનાથી ઓછુ ભણતર ધરાવતા ૮૪ ધારાસભ્યોએ જયારે સ્નાતકથી વધારે ભણતર ધરાવતા ૪૧ સભ્યો છે. ૧૪મી ગુજરાત વિધાનસભામાં એક નજર કરીએ તો પુરૂષોની સંખ્યા ૧૬૯ છે. જયારે મહિલા ધારાસભ્યોની સંખ્યા ૧૩ છે. આવી જ એક રસપ્રદ વાત તરફ જઈએ તો પ્રથમ વખત ચૂંટાયેલી ધારાસભ્યોની સંખ્યા ૭૯ છે. જયારે બે વખત ચૂંટાયેલા સભ્યોની સંખ્યા ૪૧ છે. ત્રણ વખત ચૂંટાયેલા ધારાસભ્યોની સંખ્યા ૨૨ છે. ચાર વખત ચૂંટાયેલા સભ્યોની સંખ્યા ૧૪ છે. પાંચ વખત ચૂંટાયેલા સભ્યોની સંખ્યા ૧૭ છે. ૬ વખત ચૂંટાયેલા સભ્યોની સંખ્યા ૫ છે. સાત વખત ચૂંટાયેલા સભ્યોની સંખ્યા ૩ છે. ગુજરાતના ઈતિહાસમાં દશ વખત ચૂંટાયેલા માત્રને માત્ર એક સભ્ય છે. જે છોટાઉદેપુરના મોહનસિંહ છોટુભાઈ રાઠવા છે. જેઓ પૂર્વ કેબિનેટ મંત્રી અને વિધાનસભા સત્રમાં સતત હાજર રહેનાર તરીકે તાજેતરમાં અધ્યક્ષ ધારા સન્માનિત કરાયા છે. વિરોધ પક્ષના નેતા પણ રહી ચૂકયા છે. આવી જ એકવાત કરીએ રાજયના શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને પણ વિધાનસભા સત્ર દરમ્યાન સતત હાજર એવા સન્માનિત કરવામાં આવ્યા છે. હવે મુળ વાત પર ફરીથી આવીએ તો આજે લોકમૂખે છેલ્લા બે વર્ષથી આવતી કોરોનાની પરિસ્થિતિમાં આટલુ ઓછુ ભણેલા પ્રજાના પ્રતિનિધિઓ પ્રજાની શું સેવા કરશે અને આવનારા દિવસોમાં આવી મહામારીઓને પહોંચી વળવા શું વિચારશે તે એક ચર્ચાનો મુદ્દો છે. લોકમુખે એવી પણ એક ચર્ચા વર્તમાન પરિસ્થિતિમાં ચાલી રહી છે કે ગ્રામ પંચાયતથી લઈ લોકસભા સુધી ઓછામાં ઓછુ ગ્રેજયુએટ ભણેલો હોય તેવા લોકોને રાજકીય પક્ષોએ ઉમેદવાર તરીકે પસંદગી કરવી જોઈએ.

## પાણી માટે તરસ્તા સૌરાષ્ટ્રમાં આજે પાણી જ પાણી...

રાજકોટ,
સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં સોમનાથના તલાલા, ગીરગઢડા, વેરાવળ, સૂત્રાપાડા, ઉના, કોડીનારમાં ૧થી ૨ ઈંચ વરસાદ, દ્વારકાના ભાણવડમાં ૧, ખંભાળિયા આર્ધો ઈંચ, મોરબી જિલ્લાના ટંકારામાં ધોધમાર ૩ ઈંચ, વાંકાનેર અને માળિયા મિયાણામાં દોઢ અને હળવદમાં અર્દો ઈંચ, અમરેલી જિલ્લાના વડીયા ૪ ઈંચ, બગસરા ૨ ઈંચ જ્યારે લિલીયા, ધારી, અમરેલી, સાવરકુંડલા, રાજુલા , જાફરાબાદ તાલુકામાં આૃર્ધાથી એક ઈંચ, પોરબંદરના કુતિયાણામાં ૨ ઈંચ અને રાણાવાવ તથા પોરબંદરમાં એક ઈંચ વરસાદ સાથે સમગ્ર સૌરાષ્ટ્રમાં મેઘમહેરથી એકંદરે ખુશીની લહેર છવાઈ છે. જુનાગઢ જિલ્લામાં ગીરનાર અને દાતાર પર્વત પર ૧૮ ઈંચ ધોધમાર વરસાદ વરસ્યો હતો. જ્યારે વિસાવદર ૧૭ ઈંચ, જુનાગઢમાં ૭ ઈંચ, માળિયાહાટીના,મેંદરડા, કેશોદમાં ૪, ભેંસાણ, વંથલી અને માણાવદર તાલુકામાં ૫ ઈંચ અને માંગરોળમાં ૩ ઈંચ વરસાદથી ચોતરફ પાણીના પૂર આવ્યા હતા. વિલિંગ્ડન, આણંદપુર, હસનાપુર, નરસિંહ તળાવ સહિતના જળાશયો ઓવરફ્લો થયા છે. વહીવટીતંત્રએ ભારે વરસાદના પગલે દામોદાર કુંડ , વિલિંગ્ડન ડેમ પર જવા પર પ્રતિબંધ જાહેર કર્યો છે. રાજકોટ જિલ્લામાં લોધિકામાં ૧૮ કલાકમાં ૨૩ ઈંચ ધોધમાર વરસાદથી માર્ગો પર પૂરના પાણી ફરી વળ્યા હતા. લોધિકા તાલુકાના ખીરસરા ,છાપરા પાસે



રાજકોટ-કાલાવડ રોડ પર માર્ગો પર ધસમસતા પાણીમાંકારથી માંડીને કાલાવડ રોડ પર ટ્રક સહિતના અસંખ્ય વાહનો તણાયા હતા. જિલ્લામાં કોટડાસાંગાણી તાલુકામાં ૧૦, ધોરાજી તાલુકામાં ૧૨ ઈંચ, ગોંડલમાં ૧૦, ઉપલેટા ૮ ઈંચ, જામકડોરણા ૬ ઈંચ, જેતપુરમાં ૩ ઈંચ વરસાદથી સમગ્ર જિલ્લામાં રાજકોટનો ન્યારી-૧ ઉપરાંત ગોંડલનું વેરી તળાવ, ઉપલેટાનો મોજ ડેમ, પડધરી પાસે આજી-૩, ડોંડી, ખોડાપીપર સહિતના જળાશયો, વેણુ-૨ વગેરે ડેમો ઓવરફ્લો થયા છે. જિલ્લા તંત્ર દ્વારા અલંગથી પાંચ બોટઅને ૧૫ તરવૈયાઓની ટીમ રાજકોટ શહેર અને ધોરાજીમાં મોકલાઈ હતી. રાજકોટમાં ૧૩૫૫, ગોંડલમાં ૨૫૦ સહિત જિલ્લામાં ૩ હજારથી વધુ લોકોનું સૃથળાંતર કરાયું હતું. ત્રણ માસથી મેઘરાજાનો ઈંતજાર કરતા સૌરાષ્ટ્રવાસીઓ પર આજે એક દિવસમાં જ મેઘરાજાએ વિજળીના કડાકા-ભડાકા અને તીવ્ર પવન સાથે છપ્પર ફાડકે જળવર્ષા કરીને ધરતીને પાણી પાણી કરી દીધી હતી. રાજકોટ, જામનગર અને જુનાગઢ જિલ્લામાં ૪થી ૨૩ ઈંચ સુધી અતિ ભારે ધોધમાર વરસાદ વરસ્યો હતો તો અન્ય જિલ્લાઓમાં પણ ૧થી ૪ ઈંચ મેઘવર્ષા થઈ છે. સાંજે પણ વરસાદનું જોર યથાવત્ રહ્યું છે. વરસાદના પગલે સૌરાષ્ટ્રમાં ઠેરઠેર માર્ગ વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો, એસ.ટી.-રેલવે વ્યવહાર પણ ખોરવાયો છે. રાજકોટ અને જામજોધપુર પંથકમાં ૩ મોટરકારો તણાતા ૩ વ્યક્તિઓના મોત નીપજ્યાનું અને ૨ લાપત્તા બન્યાનું જાહેર થયું છે. સેંકડો લોકો પૂરમાં ફસાતા ફાયરબ્રિગેડ, એન.ડી.આર.એફ., એરફોર્સ તથા સૃથાનિક લોકોની મદદથી બચાવ કાર્ય હાથ ધરાયું હતું જે આજે રાત્રિના પણ જારી રહ્યું હતું. ધોધમાર વરસાદથી રાજકોટ, જામનગર, જુનાગઢ શહેર તથા નાના-મોટા ગામો,શહેરોનો પાણી પ્રશ્ન અને સિંચાઈનો પ્રશ્ન પણ હળવો થયો છે. વરસાદના પગલે રાજકોટ જામનગર, જેતપુર, કાલાવડ રોડ સહિત અનેક મુખ્યમાર્ગો અને ગ્રામ્ય વિસ્તારના માર્ગો પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. રાજકોટ,ગોંડલમાં ૧૭૦૦ સહિત હજારો લોકોનું સૃથળાંતર કરાયું હતું. જામજોધપુર તાલુકાના સમાણા ગામે કોઝવે પરથી પસાર થતી કાર લઈને ખરીદી માટે જઈ રહેલા દંપત્તિ કાર સાથે પાણીમાં તણાતા મોત નીપજ્યાનું સૂત્રોએ જણાવ્યું છે. જ્યારે રાજકોટના કાલાવડ રોડ પર છાપરા ગામ પાસે કારખાને જઈ રહેલા કિશનભાઈ જમનાદાસ (રહે. યુનિ.રોડ તથા શ્યામગીરી મહેશગીરી અને સંજય ડાયાભાઈ બોરીચા નામના બે ડ્રાઈવર સાથે પોતાના પેલીકન કારખાને જઈ રહ્યા હતા ત્યારે ડોન્ડી નદીના પુલ પરથી આઈ-૧૦ કાર પૂલ પાસે પૂરમાં તણાતા એકને બચાવી લેવાયેલ છે જ્યારે કારખાનેદાર સહિત બે વ્યક્તિ અને કારનો રાત્રી સુધી પત્તો લાગ્યો નથી. જ્યારે રાજકોટ તાલુકાના ન્યારા ગામે રહેતા મણીબેન ગમારા નામના મહિલા કાગદડી ગામ પાસે કાર પાણીમાં તણાતા મૃત્યુ નીપજ્યાનું જાહેર થયું છે. જ્યારે રાજકોટ નજીકના છાપરા,ખીરસરા ગામ પાસે પેલીકન નામના કારખાનેદારની આઈ-૧૦ કાર પાણીના પૂરમાં તણાતા તેના વિડીયો વાયરલ થયા હતા. ફાયરબ્રિગેડ સૂત્રો અનુસાર એક વ્યક્તિને બચાવી લેવાઈ છે જ્યારે અન્ય બેની આજે રાત્રિ સુધી હજુ પત્તો લાગ્યો નથી. જામનગર, જામજોધપુર અને કાલાવડના પચીસેક ગામોમાં બારે મેઘ ખાંગા થઈને ૨૨થી ૨૫ ઈંચ વરસાદ વરસી ગયાનું ગ્રામજનોએ જણાવ્યું છે.

## તલાટીઓના પ્રશ્નો અંગે લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવા છતાં ઉકેલ ન મળતા રોષ

ગાંધીનગર,
રાજ્ય સરકારના પ્રાથમિક શિક્ષકોની જેમ તલાટીઓને પણ ફિક્સ પગારની નોકરીને સળંગ ગણીને લાભ આપવાની માંગણી કરી છે. સળંગ નોકરીનો લાભ નહી મળવાથી ઉચ્ચત્તર પગારધોરણ સહિતના લાભો મોડા મળવાથી તલાટીઓને આર્થિક નુકશાન થઈ રહ્યું છે. તલાટીઓને મળવાપાત્ર ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવાને બદલે અલગ અલગ ભૂલો કાઢીને નામંજુર કરવામાં આવી રહ્યા છે. આથી ઉચ્ચત્તર પગાર ધોરણ માટેના નિયમો નક્કી કરીને મંજુર કરવા માંગણી કરી છે. તલાટીઓને વિસ્તરણ અધિકારી તરીકે વિસ્તરણ અધિકારી આંકડા અને વિસ્તરણ અધિકારી સહકારમાં પ્રમોશન આપવાની માંગણી કરી છે. રેવન્યુ (મહેસુલી) અને પંચાયત તલાટી મંત્રીઓને મર્જ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ફાળવેલા સેજાની અટકી પડેલી કામગીરીને સરળ બને તેવી માંગણી કરી છે. ૨૦૦૬માં ભરતી થયેલા તલાટી કમ મંત્રીઓને સળંગ નોકરી ગણીને તેઓને નિયત પગારધોરણમાં નિમણૂંક આપવાની માંગણી કરી છે. તલાટી કમ મંત્રીઓને ઈ-ટાસના માધ્યમથી ફરજ ઉપર જ હાજરી પુરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તેને રદ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. આંતર જિલ્લા ફેર બદલીનો લાભ તલાટીઓને આપવાની માંગણી સાથે ગાંધીનગર જિલ્લા તલાટી મહામંડળના પ્રમુખ રાજુભાઈ ચૌધરી અને મહામંત્રી ચિરાગભાઈ ચૌધરીએ જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું છે.છેલ્લા ત્રણ ત્રણ વર્ષથી પડતર પ્રશ્નોના ઉકેલ માટે માંગણી કરવા છતાં ઉકેલ નહી આવતા રોષ ઉઠવા પામ્યો છે. પડતર પ્રશ્નોના ઉકેલ માટે શરૂ થયેલા લડત આંદોલનના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા તલાટી મહામંડળ ગાંધીનગર દ્વારા પોતાના પડતર પ્રશ્નોના ઉકેલની માંગણી સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગુજરાતમાં નાઈટ કર્ફ્યૂ યથાવત રાખવાનો નિર્ણય

ગાંધીનગર,
કોરોના મહામારીની શરુઆતથી લઈને અત્યાર સુધી ૩ કરોડ ૩૨ લાખ ૮૯ હજાર લોકો સંક્રમિત થયા છે. આમાંથી ૪ લાખ ૪૩ હજાર ૨૧૩ લોકોના મોત થયા છે. સારી વાત એ છે કે અત્યાર સુધી ૩ કરોડ ૨૪ લાખ ૮૪ હજાર લોકો સાજા થઈ ચૂક્યા છે. ભારતમાં કોરોનાના એક્ટિવ મામલાની સંખ્યા હાલમાં ૩,૬૨, ૨૦૭ છે.ગુજરાતમાં કોરોના વાયરસની પરિસ્થિતિ પહેલા કરતાં કંટ્રોલમાં છે અને કાબૂમાં કેસ સામે આવી રહ્યા છે ત્યારે ત્રીજી લહેરની આશંકાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યમાં લાગુ નાઈટ કર્ફ્યૂ યથાવત રાખવામાં આવ્યું છે. ગુજરાત સહિત દેશભરમાં ગણેશ ચતુર્થીનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે ત્યારે રાજ્યનાં



આઠ મહાનગરોમાં નાઈટ કર્ફ્યૂને લંબાવવામાં આવ્યું છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ગાંધીનગર, ભાવનગર, જામનગર, જુનાગઢમાં હજુ ૨૫ સપ્ટેમ્બર સુધી નાઈટ કર્ફ્યૂ લાગુ રહેશે. નોંધનીય છે કે નાઈટ કર્ફ્યૂનાં સમયને લઈને પણ કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી, આઠ મોટા શહેરોમાં રાત્રિનાં ૧૧થી સવારનાં છ વાગ્યા સુધી કર્ફ્યૂ લાગુ કરવામાં આવશે. ગત ૨૪ કલાકમાં કોરોનાના ૨૫, ૪૦૪ નવા મામલા નોંધવામાં આવ્યા છે. જ્યારે ૩૩૯ કોરોના સંક્રમિતોના જીવ ગયા છે. આ સમયમાં ૩૭, ૧૨૭ દર્દી સાજા થયા છે. આની પહેલા સોમવારે દેશમાં કોરોનાના ૨૭, ૨૫૪ મામલા સામે આવ્યા હતા. ૯ સપ્ટેમ્બર કોરોના મામલા સતત ઘટી રહ્યા છે અને કોરોના કેસમાં આવી રહ્યો છે ઘટાડાથી સ્થિતિ સામાન્ય થઈ રહી છે. જો કે કેરળમાં કોરોનાનો આંકડો ચિંતાનું કારણ બની રહી છે.

## વડાપ્રધાન દ્વારા રાજા મહેન્દ્ર પ્રતાપ યુનિ.નો શિલાન્યાસ

ઉત્તરપ્રદેશ,
અલીગઢ ખાતે રાજા મહેન્દ્ર પ્રતાપ યુનિવર્સીટીનો શિલાન્યાસ સમયે પીએમ મોદીએ કહ્યુ હતુ કે, એક મુસ્લિમ વેપારી અમારા ગામમાં તાળા વેચવા માટે આવતા હતા અને જે પણ પૈસા તેઓ કમાતા હતા તે મારા પિતાને સાચવવા આપતા હતા. તેઓ જ્યારે યુપી પાછા જતા ત્યારે પૈસા લઈ જતા. યુપીના બે શહેરો અલીગઢ અને સીતાપુર મારા માટે પરિચિત હતા.લોકો પોતાની સુરક્ષા માટે અલીગઢના તાળાના ભરોસે રહેતા હતા. હવે અલીગઢમાં સ્થાપનારી ડીફેન્સ ઈન્ડસ્ટ્રીમાં બનનારા હથિયારો દેશની સરુક્ષા કરશે. તેમણે કહ્યુ હતુ કે, હું નસીબદાર છું કે મને રાજા મહેન્દ્રપ્રતાપસિંહના નામ પર બનનારી યુનિવર્સિટીનો શિલાયન્સ કરવાનો મોકો મળ્યો છે. અલીગઢ યુનિવર્સિટી માટે પણ રાજા મહેન્દ્રપ્રતાપ સિંહે જમીન આપી હતી.અલીગઢમાં પીએમ મોદીએ રાજા મહેન્દ્રપ્રતાપ સિંહના નામથી બનનારી યુનિવર્સિટીનો આજે શિલાન્યાસ કર્યો તહો. એ પછી પીએમ મોદીએ કહ્યુ હતુ કે, ૨૦મી સદીમાં થયેલી ભૂલોને ૨૧મી સદીમાં સુધારવામાં આવી રહી છે. રાજા મહેન્દ્રપ્રતાપ સિંહ અને રાજા સુહેલદેવ જેવા નાયકોને ભુલાવી દેવામાં આવ્યા હતા. આજે નવી પેઢીને તેનાથી પરિચિત કરાવવામાં આવી રહી છે. તેમણે કહ્યુ હતુ કે, ૨૦૧૭ પહેલા ગરીબોની દરેક



યોજનામાં રોડા નાંખવામાં આવતા હતા. એક એક યોજના લાગુ કરવા માટે ડઝન વખત પત્ર લખવા પડતા હતા. યુપીના લોકોને યાદ હશે કે પહેલા કેવા ગોટાળા થતા હતા. આજે યોગી સરકાર ઈમાનદારીથી વિકાસ કરી રહી છે. પીએમ મોદીએ કહ્યુ હતુ કે ,એક સમય એવો હતો જ્યારે ગુંડાઓ, માફિયાઓ શાસન ચલાવતા હતા. આજે ગુંડાઓ અને માફિયાઓ જેલના સળિયા પાછળ છે. પશ્ચિમ યુપીના લોકોને યાદ દેવડાવવા માંગુ છે કે, અહીંના લોકોને ગુંડાઓના ડરથી પોતાની દીકરીઓને સ્કૂલ અને કોલેજ મોકલવામાં પણ ડર લાગતો હતો. લોકો પલાયન કરી રહ્યા હતા. આજે ગુનેગારો કોઈ પણ અપરાધ કરતા સો વખત વિચારે છે. તેમણે કહ્યુ હતુ કે, ડઝનબંધ ડિફેન્સ કંપનીઓ યુપીમાં ફેકટરીઓ લગાવવા માટે તૈયાર છે. યુપીમાં દુનિયાભરના રોકાણકારો રોકાણ કરવા આવી રહ્યા છે. યુપીમાં આ પ્રકારનો માહોલ રાજ્ય અને કેન્દ્રમાં ડબલ એન્જિનની સરકારને આભારી છે.

## WHOએ ભારતને આપી શુભેચ્છા : ૭૫ કરોડ ડોઝ આપ્યા

નવી દિલ્હી,
કેરળમાં રવિવારે કોરોનાથી ૨૮ હજાર લોકોને સાજા કરી લેવાયા હતા. જે વિસ્તારોમાં હાલ રસી પહોંચાડવામાં મુશ્કેલી આવી રહી છે ત્યાં ડ્રોનનો ઉપયોગ કરવાની કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલયે મંજૂરી આપી છે. આ મંજૂરી હાલ માત્ર અંદામાન નિકોબાર ટાપુઓ, મણીપુર અને નાગાલેન્ડ માટે અપાઈ છે. જેને પગલે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રીસર્ચ (આઈસીએમઆર) ડ્રોનની મદદથી આ વિસ્તારોમાં રસી પહોંચાડી શકશે. લાન્સેટ પત્રિકા દ્વારા જારી એક સ્ટડીમાં દાવો કરાયો છે કે હાલની સ્થિતિ મુજબ લોકોને કોરોનાની રસીનો બુસ્ટર ડોઝ આપવાની જરૂર નથી. કેમ કે જે ડોઝ અપાયો છે તેની ઘણી સારી અસર જોવા મળી રહી છે. રસી હાલ ડેલ્ટા કે આલ્પા વેરિઅન્ટમાં પણ અસરકારક સાબિત થઈ રહી છે એવામાં કોવિન વેક્સિન બૂસ્ટર્સ આપવાની હાલ જરૂર નથી. ભારતે રસીના ૭૫ કરોડ ડોઝ આપી દીધા હોવાથી વિશ્વ આરોગ્ય સંસૃથાએ શુભેચ્છા પાઠવી હતી.સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ ભારતમાં કોરોનાની રસીના અત્યાર સુધીમાં ૭૫ કરોડથી વધુ ડોઝ આપી દેવાયા છે. જે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના બધા જ પુખ્ત વયના લોકોને રસીનો પ્રથમ ડોઝ આપી દેવાયો હોય તેમાં સિક્કિમ, હિમાચલ પ્રદેશ, ગોવા, દાદરા અને નગર હવેલી, લદાખ અને લક્ષદ્વીપનો સમાવેશ થાય છે. જ્યારે બીજી તરફ કોરોનાના નવા ૨૭,૨૫૪ કેસો સામે આવ્યા છે અને ૨૪ કલાકમાં ૨૧૯ લોકોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે એક્ટિવ કેસો ઘટીને ૩.૭૪ લાખે પહોંચ્યા હતા, છેલ્લા ૨૪ કલાકમાં તેમાં ૧૦ હજારથી વધુ કેસોનો ઘટાડો થયો છે. વધુ ૨૧૯ના મોત સાથે કુલ મૃત્યુઆંક વધીને ૪.૪૨ લાખે પહોંચ્યો છે. છેલ્લા ૭૮ દિવસથી કોરોનાના દૈનિક કેસ ૫૦ હજારની નીચે રહ્યા છે. રવિવારે કોરોનાના ૧૨ લાખ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેને પગલે કુલ ટેસ્ટનો આંકડો ૫૪.૩૦ કરોડને પાર પહોંચ્યો હતો. જે નવા ૨૭ હજારથી વધુ કેસો સામે આવ્યા છે તેમાં માત્ર કેળના જ ૧૫ હજાર કેસો છે જ્યારે રાજ્યમાં વધુ ૯૯ લોકોનો કોરોનાએ ભોગ લીધો છે. જ્યારે કેરળમાં કોરોનાના કુલ કેસ ૪૪ લાખની નજીક પહોંચી ગયા છે અને મૃત્યુઆંક ૨૨ હજારને પાર જતો રહ્યો છે.

**જાહેર નોટીસ**

**મે.ગોધરાના સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ગોધરા**

**અરજદાર : પટેલ રચલાભાઈ સબુરભાઈ**
**રહે :- દહીકોટ (વાવડીફળીચું), તા.ગોધરા, જી.પંચમહાલ**
**વિરૂદ્ધ**
**સામાવાળા : જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, દહીકોટ ગ્રામ પંચાયતની કચેરી, દહીકોટ, તા.ગોધરા**

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,
ઉપરોકત અરજદારે તેમના પિતા નામે ''સબુરભાઈ જીતાભાઈ પટેલનું'' મરણ તા.૦૭/૧૦/૨૦૧૬ ના રોજ મોજે.દહીકોટ, તા.ગોધરા, જિ.પંચમહાલ ખાતે થયેલ હતો. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમના પિતા નામે ''સબુરભાઈ જીતાભાઈ પટેલનું'' મરણની નોંધ સામાવાળાના મરણ રજીસ્ટર કરવાની રહી ગયેલ હોઈ, સામાવાળાને રજીસ્ટરે મરણની નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.
વાસ્તે સદર હું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો–તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા.૦૪/૧૦/૨૦૨૧ ના રોજ સવારે ૧૨ઃ૦૦ કલાકે લેખિતમાં પોતાના વાંધા–તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો. તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો.
આજ તારીખ ૦૬/૯/૨૦૨૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો .

કોર્ટનો સિક્કો

હુકમથી
(એન.બી. રાજપુત)
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ
ગોધરા પ્રાન્ત ગોધરા

## આ વર્ષે અનાજનું ઉત્પાદન ૧૫ કરોડ ટનને પાર જવાની શક્યતા

નવી દિલ્હી,
કૃષિ મંત્રાલય દ્વારા આ મહિનામાં જ ખરીફ સીઝનમાં અનાજનું ઉત્પાદન કેટલુ થશે તેનું અનુમાન જાહેર કરવામાં આવશે. ૧૦મી સપ્ટેમ્બર ૨૦૨૧ સુધીની માહિતી મુજબ ખરીફ પાકનું ૧૦૯૬.૭૦ લાખ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું છે. જે ગયા વર્ષે આ જ સમય દરમિયાન ૧૧૦૬.૫૭ લાખ હેક્ટર હતું. એટલે કે ૧૦ લાખ હેક્ટરનો ઘટાડો થયો હોવા છતા ઉત્પાદન વધુ થવાની સરકારને આશા છે. એવા દાવા છે કે આ મહિનાના અંત સુધીમાં આ જે ૧૦ લાખ હેક્ટરનો ગાળો છે તે પુરો થઈ જશે કેમ કે ઘણા વિસ્તારોમાં હજુ પણ વાવેતર ચાલુ છે. તેમણે કહ્યું હતું કે આ વર્ષે અગાઉ કરતા વધુ ઉત્પાદન થવાની અમને આશા છે. કેટલાક રાજ્યોમાં ખરીફ પાકનું ઉત્પાદન પૂર્ણ થઈ ગયુંછે અને રાજ્યોને પાક આવી ગયો હોવાથી તેની ખરીદી કરવાની તૈયારી શરૂ કરી દેવા કેન્દ્ર સરકાર દ્વારા કહેવામાં આવ્યુંછે.સરકારને આશા છે કે આ વર્ષની ખરીફ સીઝનમાં અનાજનું ઉત્પાદન ૧૫ કરોડ ટનથી પણ વધુ થઈ શકે છે. જે અગાઉની સીઝનમાં ૧૪ કરોડ ટન હતું. કૃષિ સચીવ સંજય અગ્રવાલે કહ્યું હતું કે જુલાઈ-જુન (૨૦૨૧-૨૨) દરમિયાન ખરીફ સીઝનમાં અનાજનું ઉત્પાદન બધા રેકોર્ડ તોડી નાખે તેવી શક્યતાઓ છે. અગ્રવાલે કહ્યું હતું કે આ વર્ષે અત્યાર સુધી સૌથી સારો વરસાદ પડયો છે. ગયા વર્ષે કુલ ખરીફ પાકોનું ઉત્પાદન ૧૪ કરોડ ટન હતું. આ વખતની સીઝનમાં કઠોળ, અનાજ, ડાંગર વગેરેનું ઉત્પાદન ગયા વર્ષ કરતા ઘણુ વધારે થવાની આશા છે. તેમણે કહ્યું કે આ વર્ષે ખરીફ સીઝનમાં અનાજનું ઉત્પાદન ૧૫ કરોડ ટનને પાર પહોંચવાની શક્યતાઓ છે.

# મહિસાગર જિલ્લાના ખેડૂત મિત્રો સાથે આત્મા પ્રોજેક્ટ અને રીલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ઓડીયો કોન્ફરન્સ યોજાઇ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
કોરોનાની મહામારી વચ્ચે રોગપ્રતિકારક શક્તિ વધારે તેવા પોષક આહાર ખોરાક તરીકે દુધના મહત્વ માટે આવશ્યક એવી આદર્શ પશુપાલન વિષયને આવરી લઇ આત્મા પ્રોજેક્ટ, પંચમહાલ દ્વારા તાજેતરમાં રીલાયન્સ ફાઉન્ડેશનના સાથ સહકારથી ઓડીયો કોન્ફરન્સ યોજાઇ.જેમાં મહીસાગર જીલ્લાના વિવિધ તાલુકાઓના ૩૪૫ ફાર્મરફ્રેન્ડ/ખેડુતમિત્રો મારફતે ૧૩૨૫ પશુપાલન કરતા ખેડુત ભાઇઓ/બહેનો જોડે ડો.એ.એસ.પટેલ,જનરલ મેનેજર સાબર ડેરી,સાબરકાંઠા પશુપાલન વિભાગ,પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા પ્રોજેક્ટ, પંચમહાલ, એ.આઇ. પઠાણ અને ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર એન.એમ.પટેલ મહીસાગર દ્વારા આદર્શ પશુપાલન વિષય ઉપર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. અને હાલ જોવા મળતો ચામડીનો રોગ(લમકીન) ના નિવારણ માટે ડૉ.એ.એસ.પટેલ એ ઉપચાર સુચવ્યા હતા. હાલ ચોમાસાની ઋતુમાં વધારે પડતા લીલો ઘાસચારો પશુને ન આપતા સુકો ઘાસ મેળવીને પશુને નિરણ તરીકે આપવા માટે સુચન કરવામાં આવ્યું હતું. જ્યારે ગુજરાત સરકાર દ્વારા સંપુર્ણ પ્રાકૃતિક ખેતી કરતા દરેક ખેડુત કુટુંબને એક દેશી ગાયના નિભાવ ખર્ચ માટે ૯૦૦/- રૂ. પ્રતિ માસ એટલે વાર્ષિક ૧૦,૮૦૦/- રૂ. રકમ સરકાર દ્વારા મળવા પાત્ર છે.તેની પણ માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં પશુપાલનને લગતા રહેઠાણ,રોગ જીવાત,સ્વચ્છ દુધ ઉત્પાદન,મિનરલ મીક્ષર વગેરે જેવા મુઝવતા પ્રશ્નોની ચર્ચા કરી તેનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. જયારે આ સમ્રગ કાર્યક્રમનું સંચાલન રીલાયન્સ ફાઉન્ડેશન વતી ભાવેશભાઈએ કર્યુ હતું.

# દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડાના હંગામી પરવાના મેળવવા બાબત

ગોધરા,
સબડીવીઝનલ મેજિસ્ટ્રેટ ગોધરા પ્રાન્તની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર નવેમ્બર-૨૦૨૧માં આવી રહેલ દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડાના હંગામી સંગ્રહ/વેચાણ માટે હંગામી પરવાનો મેળવવા માંગતા ગોધરા અને કાલોલ તાલુકાના અરજદારોએ તા. ૨૦.૦૯.૨૦૨૧ સુધીમાં નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. નિયત નમૂનાના અરજી ફોર્મ (એ.ઈ.-૫)માં જરૂરી વિગતો ભરી ફોર્મ ૦૩(ત્રણ) નકલમાં સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ગોધરા પ્રાંત કચેરી ખાતે કરવાની રહેશે.

નિયત અરજીફોર્મમાં આ મુજબના આધાર-પુરાવા જોડવા. (૧) નિયત ફીનું અસલ ચલણ (૨) દારૂખાનું રાખવાના સ્થળનો નકશો, જેમાં સદર સ્થળની ૧૫ મીટરની ત્રિજ્યામાં આવેલ અન્ય દુકાનોના ધંધાનો પ્રકાર, શાળા, કોલેજો, હોસ્પિટલો, સળગી ઉઠે તેવા પદાર્થોનું ગોડાઉન, પેટ્રોલપંપ કે રક્ષિત ઈમારતો આવેલી હોય તો તેની તમામ વિગતો આવરી લેવાની રહેશે. (૩) પોતાના ઓળખ અંગેના સ્વપ્રમાણિત કરેલ તાજેતરના પાસપોર્ટ સાઈઝના ૦૨(બે) ફોટા તથા આઈડી પ્રૂફ (૪) માંગણીવાળી જગ્યાની માલિકી અંગેના પુરાવા અને સ્થળ ભાડાનું હોય તો ભાડા-પાવતી તેમજ માલિક દ્વારા સદર જગ્યાએ હંગામી ફટાકડા વેચાણ-સંગ્રહ કરવા અંગેની સંમતિ દર્શાવતું એફિડેવિટ (૫) નગરપાલિકા/ગ્રામ પંચાયત તરફથી આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર (એનઓસી) (૬) ફાયર સેફ્ટિની વ્યવસ્થા અંગેનું પ્રમાણપત્ર (૭) સ્થાનિક સંસ્થા પાસે કોઈપણ પ્રકારની સરકારી વસૂલાત બાકીમાં ન હોવા બાબતનું પ્રમાણપત્ર (૮) ગત વર્ષે હંગામી ફટાકડા વેચાણ-સંગ્રહ અંગેનો પરવાનો મેળવેલ હોય તો તેની સ્વપ્રમાણિત કરેલી નકલ. તા. ૨૦.૦૯.૨૦૨૧ બાદ મળેલ અરજીઓ તથા અધૂરી વિગતોવાળી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિં, જેની નોંધ લેવા પણ યાદીમાં જણાવાયું છે.

# ગુજરાત રાજ્ય મહીલા આયોગ દ્વારા મહિલા શક્તિ એવોર્ડ આપી મહિલાનું સન્માન કરવામાં આવ્યું



લુણાવાડા,
ગુજરાત રાજ્યના મહીલા આયોગના અદયક્ષ લીલાબેન અંકોલિયા તેમજ દિલ્હીથી રાષ્ટ્રીય મહીલા અધ્યક્ષા રેખાબેન શર્માની વિશેષ ઉપસ્થિતિમાં વિવિધ ક્ષેત્રમાં કોરોના સમયે ઉત્કૃષ્ટ કામગીરી કરતી મહિલાઓ ને વિશેષ એવોર્ડ તેમજ સગર્ભા બહેનો ને પોષણ યુકત કીટ આપી સન્માન કરવામા આવ્યું અને ગુજરાત નાં મહીસાગર,ખેડા, આનદ, મહેસાણા, ગાંધીનગર, તેમજ અમદાવાદથી પધારેલ નારી અદાલતની મહીલાઓ ની વિશેષ ઉપસ્થિતિમાં એવોર્ડ આપવામાં આવ્યો હતો અને મહિલાઓ પર અત્યાચાર ને રોકવા ગુજરાતનાં દરેક તાલુકામાં નારી અદાલત કાર્યરત છે અને તે હંમેશા મહિલાઓનાં હિતમાં કામ કરે છે. તેમજ મહિલાઓ સક્ષમ અને પગભર થશે તો પરિવાર મજબૂત બનશે જેથી પોતાના પર થતાં અત્યાચાર સામે અવાજ ઉઠાવી આગળ વધવું જોઈએ.

# મહીસાગર જિલ્લાના જાહેર સ્થળો કે સરકારી કચેરીઓની બહાર કે સદનના પરિસરના ૨૦૦ મીટરની ત્રિજયામાં ધરણા, પ્રતિક ધરણા જેવા કૃત્યો કરવા પર પ્રતિબંધ

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી માણસો એકઠાં ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતાં નાગરિકોને કોઇ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.આઇ.સુથાર જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા, ખાનપુર, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર તથા કડાણા તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે કોઇપણ વ્યકિતએ/વ્યકિતઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ચાર કે તેથી વધુ માણસો ભેગા થવા કે કોઇ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભૂખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે તા. ૧૩/૦૯/૨૦૨૧ થી તા. ૨૭/૦૯/૨૦૨૧ (બન્ને દિવસો સહિત) સુધી મનાઇ ફરમાવી છે.

આ જાહેરનામું જેઓ ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓ, ગૃહરક્ષક દળની વ્યકિતઓ કે જેઓને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકે પરવાનગી આપવામાં આવી હોય તેઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ઠરશે. જયારે હુકમનો ભંગ કરનાર સામે ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઇન્સ્પેકટર દરજજાથી ઉતરતા ન હોય તેવા અધિકારીને ફરિયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

# વિરપુર તાલુકાના બોર પ્રા.શાળામાં શિક્ષક દિવસની ઉજવણી કરાઈ



વિરપુર,
બોર પ્રા. શાળા તા.વીરપુર જી.મહીસાગર ખાતે તારીખ ૧૩-૯-૨૦ ને સોમવારના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી. જેમાં આચાર્ય તરીકે ઉર્વશીબેન હિંમતસિંહ ઠાકોર જવાબદારી સંભાળી હતી. દિવસ દરમિયાન ભાગ લીધેલ ૧૮ શિક્ષકો ખૂબ સુંદર રીતે કામગીરી કરી હતી અને વર્ગખંડમાં શિક્ષણ કાર્ય કરવાનો અનુભવ મેળવ્યો હતો. સાંજે તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા પોતાના પ્રતિભાવો રજૂ કરવામાં આવ્યા હતા.

સાથે સાથે ધોરણ છ થી આઠનું પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ થયેલ હોય શાળામાં બાળ સંસદના મુખ્યમંત્રી અને ઉપ મુખ્યમંત્રીની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી તરીકે દેવયાની કાળુસિંહ પરમાર અને મુખ્યમંત્રી તરીકે ભાર્ગવીબેન વી. પરમારની નિમણૂંક કરવામાં આવી હતી. સાથે બેંક ઓફ બોર એટલે કે શાળામાં ચાલતી બચત બેંકના કર્મચારીઓની નિમણૂક ઈન્ટરવ્યૂ દ્વારા કરવામાં આવી. જેમાં મેનેજર તરીકે સ્નેહાબેન સોમાભાઇ ઠાકોરની પસંદગી કરવામાં આવી. જયારે રામહાટનું સંચાલન વિશાલકુમાર માનાભાઈ ઠાકોરને સોંપવામાં આવ્યું હતું. જયારે બાળ ડોક્ટર તરીકે ભાર્ગવી બેન ની નિમણૂંક થઇ હતી.

# ગુજરાત શિક્ષણ બોર્ડની અલગ-અલગ સંવર્ગની ચૂંટણીની તારીખ નજીક આવતા રાજ્યના ઉમેદવારો પ્રચાર અર્થે મહીસાગરની મુલાકાતે



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના અલગ-અલગ સંવર્ગની ચૂંટણી ૨૫-સપ્ટેમ્બર ના રોજ યોજાનાર છે. જેને લઈને અલગ-અલગ વિભાગ માંથી ચૂંટણીના પ્રચાર અર્થે આજરોજ કિસાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડા ખાતે ઉચ્ચતર માધ્યમિક વિભાગના ઉમેદવાર મુકેશભાઈ પટેલ, મધ્યમિકના ઉમેદવાર હસમુખભાઈ પટેલ અને ઉત્તર બુનિયાદી વિભાગના ઉમેદવાર જશુભાઈ રાવલ, પ્રચાર અર્થે મહિસાગર જિલ્લામાં આવ્યા હતા.જેમાં અલગ-અલગ ઘટક સંઘના પ્રમુખ મંત્રી અને હોદ્દેદારો તેમજ શિક્ષક મિત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અને શિક્ષક સંઘના વણ ઉકેલાયેલા પ્રશનો તેમજ સંઘના વિવિધ પડતર પ્રશ્નો અંગેની ચર્ચા કરી અને ઉપરોક્ત તમામ ઉમેદવારો જીત થતાં આ બાબતે રાજ્ય સરકાર ને રજૂઆત કરશે તે અંગેની ખાતરી પણ આપી હતી.જેને લઈને મહિસાગર જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સંઘ અને ઓ.કે.સી સંકુલ તરફથી તમામ ઉમેદવારો અને રાજ્ય માંથી આવેલા પ્રમુખ મંત્રીઓનું સ્વાગત કરી તમામ ઉમેદવાર ને ખાતરી આપી છે કે મહિસાગર જિલ્લા તેમની પડખે છે અને તેમને જંગી બહુમતીથી વિજયી બનાવશે.

# શ્રદ્ધા અને ભક્તિનું કેન્દ્ર બનેલું નદીસર ગામનું ગણેશ મંદિર



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

નદીસર,
ગોધરા તાલુકાના નદીસર ખાતે ગામના પાદરે નંદકેશ્વર મહાદેવ પ્રાંગણમાં આવેલું ગણપતિ દાદાનું મંદિર શ્રદ્ધા અને ભક્તિ નું કેન્દ્ર બન્યું છે.

આશરે સાત સો થી આઠસો વર્ષ પુરાણા નદીસરના નંદકેશ્વર મહાદેવની બાજુમાં ૧૯૭૫ પહેલા માટીની ટેકરી પર ગણપતિ દાદાની પથ્થરની મૂર્તિ હતી. ત્યાં અગાઉ મંદિર હતું પરંતુ તે મંદિર કોઈ કારણસર તૂટી જતા સદર ગણેશ ટેકરી પર ખુલ્લામાં ગણપતિજી મૂર્તિ હતી અને ભાવિકો દર્શન કરતાં હતા. ત્યારે ૧૯૭૫ાં ગામમાં તે જમાના એન.જી.ઓ. જેવું કામ કરતું શિવ મંડળ દ્વારા બાજુમાં ગામ ફાળો અને જાતે ચણતર કામ કરી નાનું મંદિર બનાવેલ હતું. તે મંદિરમાં મુકવા માટે આરસની ગણેશજીની પ્રતિમા નદીસરના વતની અને અમદાવાદ ખાતે કાગળનો બીઝનેશ કરતા ગિરીશભાઈ શેઠે લઈ આપી હતી. જોકે, તે મૂર્તિની તે વખતે પ્રાણ પ્રતિષ્ઠા થઈ નહોતી અને ગામના મધુબેન શેઠના ઘરે મૂર્તિ બે વર્ષ રહી હતી. તે બાદ નદીસરના વતની અને હાલના ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજીને મનોમન પ્રેરણા થતા ૧૯૭૭ માં તેમને અને તેમના ધર્મ પત્ની જયનાબેન રાઉલજીના લગ્ન પ્રસંગે આવેલી ભેટની રકમ માંથી ગણેશજીની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી હતી. એ બાદ ફરી આ મંદિરનું ૧૯૯૯ ના સી.કે.રાઉલજી દ્વારા નવેસર થી એકલા હાથે નિર્માણ કરી ગણપતિ દાદાની નવી મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી હતી. અહીંયા ગણપતિ ચોથ તેમજ આનંદ ચૌદશના દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ દર્શન કરવા માટે આવે છે. છેલ્લા ૪૫ વર્ષ થી નિર્વિઘ્ને અહીંયા રાઉલજી પરિવાર દ્વારા ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે અને રોજ સવાર સાંજ વૈદિક મંત્રોચ્ચાર થી બ્રાહ્મણો દ્વારા પૂજન અર્ચન કરવામાં આવે છે તેમજ ભાદરવા સુદ ચૌદશના દિવસે અહીંયા ૪૫ વર્ષ થી સતત ૧૦૦૮ લાડુનો દશાંશ હોમ કરવામાં આવે છે. રાજકીય આશીર્વાદ માટે શ્રદ્ધાના કેન્દ્ર સમા આ મંદિરે પૂર્વ મુખ્ય મંત્રી શંકરસિંહ વાઘેલા, સુરેશ મહેતા સહિત મંત્રી અને ધારાસભ્ય સાથે ઘણા રાજકીય આગેવાનો મંદિરે દર્શન માટે આવ્યા છે.

નદીસરના દેશ દેશાવર તેમજ રાજ્યમાં અન્ય સ્થળે રહેતા શ્રદ્ધાળુ ભાવિકો પણ અવાર નવાર નદીસરના ગણપતિ મંદિર દર્શન કરવા આવે છે.

કહેવાય છે કે, આજ થી ૭૦૦ વર્ષ પહેલાં કેટલાક યોગીઓ અહીંયા આ સ્થળે આવીને ગૂઢ સાધના કરી હતી અને આજે પણ રાત્રીના સમયે કેટલીક વખત તેમજ નંદકેશ્વર મહાદેવ ના શિવલિંગની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા વખતે તેની અનુભૂતિ બે ચાર વ્યક્તિને પ્રત્યક્ષ થઈ હતી. ભાદરવા સુદ ચૌદશ તેમજ ચોથના દિવસે અહીંયા ગણપતિને લાડુનો પ્રસાદ અને પીળા ફૂલ અર્પણ કરવાં સાથે દર્શનનો વિશેષ મહિમા છે.

# ગુડ ટચ અને બેડ ટચ અંગેનો કિસાન સ્કૂલમાં સેમિનાર યોજાયો



રાજ્યમાં અવાર-નવાર મહિલાઓ પર અત્યાચારની ઘટના વધુ પ્રબળ બનવા પામી છે અને તે વધુને વધુ સોસિયલ મીડિયાના મધ્યમ થકી લોકો સુધી પોહચી રહી છે તેમ છતાં પણ આવા કિસ્સાઓ જિલ્લા તેમજ તાલુકાઓમાં બનતાં હોય છે તેને ડામવા માટે રાજ્ય સરકારની વિવિધ હેલ્પલાઈનો છે. જેનો ઉપયોગ મહિલાઓ કરી શકે છે. આ બાબતે સોનલબેન પંડ્યા દ્વારા જાણવા મળ્યું કે દીકરીઓ ને પોતાનો આત્મ વિશ્વાસ કેળવવાની જરૂર છે અને શાળામાં દીકરીઓ માટેના સ્વ બચાવ માટેના સ્પેશ્યલ ક્લાસ હોવા જોઈએ તેમજ તેમને ગુડ ટચ અને બેડ ટચ કોને કહેવાય તેની પણ માતા-પિતાએ સમજ આપવી જોઈએ અને મોબાઈલ ટેકનોલોજિ અને સોસિયલ મીડિયાથી સજાગતા રાખવાની જરૂર છે અને મહિલાઓ માટે રાજ્ય સરકાર વિવિધ ક્ષેત્રમાં કટીબદ્ધ છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી મહિલા હેલ્પલાઇન તેમજ નજીકના સેન્ટરોનો સંપર્ક કરી અત્યાચાર સામે અવાજ ઉઠાવવો જોઈએ અને મહિલાને પડતી તમામ સમસ્યાનું સમાધાન એક જ છત નીચે મળી રહે છે જેથી સખી વન સ્ટોપ સેન્ટર, અભયમ ૧૮૧, મહિલા સપોર્ટ સેન્ટર, તેમજ નારી અદાલત અને મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી શકે છે.

# મુખ્યમંત્રી અસરગ્રસ્ત વિસ્તારમાં હવાઈ નિરીક્ષણ કરે તેવી શક્યતા

અમદાવાદ,
મુખ્યમંત્રી અસરગ્રસ્ત વિસ્તારમાં હવાઈ નિરીક્ષણ કરે તેવી શક્યતા છે. જામનગર અને રાજકોટમાં આભ ફાટયુ હોય તેવી પરિસ્થિતી સર્જાઇ છે. ભારે વરસાદને કારણે જામનગર અને રાજકોટ શહેર-જિલ્લામાં ઘરો જાણે વરસાદી પાણીમાં ગરકાવ થયા છે. માર્ગો પર વરસાદી પાણી ભરાઈ જતાં વાહન વ્યવહાર બંધ કરાયો છે. હવામાન વિભાગે હજુ ભારે વરસાદ પડે તેવી આગાહી કરી છે જેના કારણે સૌરાષ્ટ્રમાં રેડ એલર્ટ જાહેર કરાયુ છે. આ સ્થિતીને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉચ્ચસ્તરિય બેઠક યોજી એનડીઆરએફની ટીમોની મદદ લેવા જણાવ્યુ છે. આ ઉપરાંત નિચાણવાળા વિસ્તારોમાં પાણીમાં ફસાયેલા લોકોને સલામત સ્થળે ખસેડવા મુખ્યમંત્રીએ જામનગર કલેક્ટર સાથે ટેલિફોનિક વાતચીત કરી સ્થિતી જાણી હતી. ભૂપેન્દ્ર પટેલે ભટિંડાથી ત્રણ એનડીઆરએફની ટીમો બોલાવવા પણ અધિકારીઓને સૂચના આપી છે. રાજકોટમાં એક અને જામનગરમાં બે એનડીઆરએફની ટીમો મોકલાશે. ખાસ કરીને રાહત બચાવની કામગીરીને પ્રાથમિક આપવા અધિકારીઓને આદેશ અપાયા છે. ભારે વરસાદ થતાં સ્થિતીની સમિક્ષા કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હેલિકોપ્ટરમાં હવાઈ નિરીક્ષણ કરશે.આ બેઠકમાં મુખ્ય સચિવ પંકજકુમાર, મુખ્યમંત્રીના અગ્ર સચિવ કે.કૈલાશનાથન, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ ઉપરાંત રાહત કમિશનર આંદ્રા અગ્રવાલ હાજર રહ્યા હતાં. શપથગ્રહણ બાદ ભૂપેન્દ્ર પટેલે મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યો હતો. પ્રથમ જ દિવસે ભૂપેન્દ્ર પટેલે ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી જામનગર અને રાજકોટમાં ભારે વરસાદથી સર્જાયેલી પરિસ્થિતીની સમિક્ષા કરી હતી. આ ઉપરાંત વરસાદી પાણીમાં ફસાયેલા લોકોનું સ્થળાંતર કરી સલામત સ્થળે ખસેડવા સ્થાનિક તંત્રને સૂચના આપી હતી.

# ગણેશ વિસર્જનને ધ્યાનમાં રાખીને ગોધરા શહેરમાં વાહનવ્યવહારને લગતા પ્રતિબંધો-નિયંત્રણો જાહેર કરાયા

ગોધરા,
આવતીકાલે ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ શ્રીજીની વિસર્જન યાત્રા દરમિયાન ટ્રાફિક સમસ્યા ઉભી થવાની શકયતાને દયાનમાં રાખીને ગોધરા શહેરમાં અમુક રસ્તાઓથી પ્રવેશ પર પ્રતિબંધ મૂકવા સહિત વાહનોને અવરજવર માટે ડાયવર્ઝન આપવા અંગે જાહેર હુકમ કરવામાં આવ્યો છે. પંચમહાલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એમ.ડી.ચુડાસમા દ્વારા ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ આવતીકાલે ગણેશ વિસર્જનના દિવસે સવારના ૦૮.૦૦ કલાકથી રાત્રિના ૨૩.૦૦ કલાક સુધી ગોધરા શહેરના હદવિસ્તારમાં નીચે મુજબના નિયંત્રણો લાદતો હુકમ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત વડોદરા, દાહોદ તથા અમદાવાદ જિલ્લા તરફથી આવતા તમામ પ્રકારના વાહનોના ગોધરા શહેરમાં પ્રવેશ પ્રતિબંધિત રહેશે. ગોધરા શહેરમાંથી લુણાવાડા તથા અમદાવાદ તરફ જતા વાહનોનું ડાયવર્ઝન તૃપ્તિ હોટેલથી બાયપાસ, પરવડી ચોકડી, પોપટપુરા ઓવરબ્રિજથી રહેશે. એસ.ટી. બસો તથા ગોધરા શહેરના વ્યક્તિઓ તથા અન્ય બહાર ગામથી ગોધરા શહેરમાં આવતા-જતા વ્યક્તિઓના વાહનો કંકુથાંભલા બાયપાસ ચોકડીથી ગોવિંદી ગામ થઈ એફ.સી.આઈ. ગોડાઉન થઈ ભુરાવાવ આવ-જા કરી શકશે. ગોધરા ભુરાવાવથી પોપટપુરા ઓવરબ્રિજ સુધી એસ.ટી. બસો તથા ખાનગી વાહનો જઈ શકશે. પોપટપુરા ઓવરબ્રિજથી ભુરાવાવ તરફના રોડ ઉપર કોઈ પણ વાહન કે એસ.ટી. બસ આવી શકશે નહીં. લાલબાગ બસ સ્ટેન્ડથી રવિ કોર્પોરેશન તરફ જતા નગરપાલિકાના રોડ ઉપર તમામ પ્રકારના ખાનગી વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે. આ રોડ પર ફક્ત લાલબાગ મેદાનમાં બનાવેલ કુંડમાં ગણપતિ વિસર્જન કરવા આવતા વ્યક્તિઓ/વાહનોની અવર-જવર ચાલુ રહેશે. આ નિયંત્રણો ગોધરા શહેરમાં જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ, પુરવઠો લઈને આવતા ભારે વાહનો તથા એસ.ટી. બસો તથા સરકારી ફરજો પરના વાહનોને લાગુ પડશે નહીં.

# શહેરા તાલુકાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને મંત્રી પદ મળે તે માટે કાર્યકરોએ સોશ્યલ મીડીયાનો સહારો લીધો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા તાલુકા ભાજપ દ્વારા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને મંત્રીપદ મળે તેવી આશા રાખી રહયા છે. ભાજપના અમુક કાર્યકરો એકત્રીત થઈને ગાંધીનગર ખાતે પહોંચી જઈને રજૂઆત કરનાર હોવા સાથે સોશિયલ મીડિયામાં પણ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને મંત્રી પદ મળે તે માટેના મેસેજ પણ ફરતા થયા હતા.

શહેરા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ ૧૯૯૮ થી લઈને ૨૦૧૭ સુધીની વિધાનસભાની ચૂંટણી સતત જીતતા આવ્યા છે. તાલુકાના વિકાસમાં પણ તેમનો મહત્વનો ફાળો રહેલો હોય ત્યારે પ્રજાજનો સાથે તાલુકા ભાજપ પણ આ વખતે નવા મુખ્યમંત્રીના નવા મંત્રીમંડળમાં સતત પાંચ વખતથી ધારાસભ્ય તરીકે જીત મેળવેલ જેઠાભાઈ ભરવાડને મંત્રી પદ મળે તેવી માંગ ઉઠી હતી. જ્યારે તાલુકા ભાજપ કાર્યકરોમાં બે વખત ધારાસભ્ય બન્યા હોય તેમને મંત્રીપદ મળતું હોય તો ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ પાંચ વખતથી સતત જીતતા આવ્યા હોય ત્યારે તેમને મંત્રીપદ મળવું જોઈએ તેવી ચર્ચાનો દોર જોરશોરથી ચાલી રહયો છે. આ વખતના મંત્રીમંડળમાં નવા ચહેરાઓને સ્થાન મળવાનું હોય ત્યારે વિધાનસભા મત વિસ્તારના અમુક ભાજપ કાર્યકરો ગાંધીનગર ખાતે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને મંત્રી પદ મળે તે માટે રજૂઆત કરવા જવાના હોય તેવુ જાણવા મળેલ છે. સોશિયલ મીડિયામાં પણ આ વખતે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને મંત્રીપદ મળવું જોઈએ તેવા મેસેજ ફરતા થયા હતા. હવે જોવું રહ્યું કે, રાજકીય ક્ષેત્રે એક મોટું નામ કહીએ કે પછી પંચામૃત ડેરી ના ચેરમેન અને ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને ભાજપનું મોવડી મંડળ આ વખતે મંત્રી પદ આપે છે કે નહીં તેના પર તેમના ચાહકો અને ભાજપ કાર્યકરો સહિત અન્ય લોકોની મીટ મંડાઈ છે.

# શહેરામાં મુકત જીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને રેસ્કયુ એકેડમી દ્વારા ગણેશ વિર્સજન ધ્યાન રાખી ફાયર સેફટીની તાલીમ આપી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા મુકતજીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસ્ક્યુ ટ્રેનિંગ એકેડમી દ્વારા સ્વામિરાયણ ગાદી સંસ્થાનના આચાર્ય સ્વામી જીતેન્દ્રિય પ્રેદાસજીના દિવ્ય સંકલ્પ અને પ્રોસાહન થી વોટર રેસ્ક્યુ તાલીમનું આયોજન ગણપતિ વિસર્જનને ધ્યાનમાં રાખીને ફાયર એન્ડ સેફ્ટીની તાલીમ વિદ્યાર્થીઓ તેમજ આર્મીની તાલીમ લઈ રહેલા યુવાનોને આપવામાં આવી હતી. જેમાં ઈન્ટરનેશનલ ટ્રેનર એચ.પી પટેલ જે યું.એન.વી.ના સભ્ય છે અને વિશ્વકર્મા કોચિંગ કલાસના વિશ્વકર્મા મનજીતકુમારના દેખરેખમાં તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દાહોદ બુરહાની સોસાયટીમાં ઈન્કમટેકસ અધિકારીના સ્વાંગમાં

# ચાર લુંટારૂ ઘુસ્યા પરિવારને બેભાન કરી લુંટ કરવાનો નિષ્ફળ પ્રયાસ

## નકલી ઈન્કમટેકસ અધિકારી બની આવેલા બે ઈસમો ઝડપ્યા

દાહોદ,

દાહોદ શહેરમાં આજરોજ વહેલી સવારના સમયે બનેલ બનાવને પગલે ખળભળાટ મચી જવા પામ્યો છે. દાહોદ શહેરમાં આવેલ બુરહાની સોસાયટીમાં ઈન્કમટેક્ષના અધિકારીઓ હોવાનું કહી ચાર લુંટારૂઓ એક વ્હોરા પરિવારના ઘરમાં ઘુસી જઈ પરિવારને બાનમાં લઈ લુંટ કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. આ ઘટનાથી વાકેફ થઈ વ્હોરા સમાજના પરિવાર દ્વારા નકલી ઈન્કમટેક્ષ ઓફિસ બની આવેલ ચાર લુંટારૂઓનો પ્રતિકાર કરતાં જેમાંથી બે લુંટારૂઓને પરિવારજનો તેમજ બુમાબુમ થતાં આસપાસના લોકોએ ઝડપી પાડી બંન્ને લુંટારૂઓને બાંધી દઈ મેથીપાક ચખાડચો હતો. બનાવની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ કાફલો પણ બુરહાની સોસાયટી તરફ દોડી આવ્યો હતો અને બંન્ને લુંટારૂઓને લઈ રવાના થઈ ગઈ હતી. જાણવા મળ્યાં અનુસાર, બંન્ને ઝડપી પાડવામાં આવેલ લુંટારૂઓને મેથીપાક ચખાડતાં બે પૈકી એક લુંટારૂને દાહોદની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. આ લુંટારૂઓ મહારાષ્ટ્રના હોવાનું બહાર આવ્યું છે ત્યારે આ સમગ્ર મામલે પોલીસે તલસ્પર્શી તપાસનો ધમધમાટ આરંભ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાને પગલે સમગ્ર બુરહાની સોસાયટી તેમજ દાહોદ શહેર પોલીસ મથકે વ્હોરા સમાજના તેમજ દાહોદ શહેરવાસીઓના ટોળે ટોળા વળી ગયાં હતાં.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ શહેરમાં આવેલ બુરહાની સોસાયટી ખાતે રહેતાં અને શહેરના ચાર થાંભલા સ્થિત ગુજરાત પ્લાયવુડ નામની હાર્ડવેરની દુકાન ધરાવતાં શબ્રીભાઈ ફિરોજભાઈ લેનવાલા પોતાના બુરહાની સોસાયટી સ્થિત સોસાયટી ખાતે આજરોજ તારીખ ૧૪.૦૯.૨૦૨૧ના રોજ પોતાના પરિવારજનો સાથે હાજર હતાં. શબ્બીરભાઈના પરિવારમાં તેમની પત્નિ ઝૈનબબેન, વિધવા માતા બાનુબેન અને સંતાનમાં બે પુત્રો હાજર હતાં. વહેલી સવારના ૦૯ વાગ્યાના આસપાસ પ્રથમ તો બે લુંટારૂઓ તેમના ઘરમાં પ્રવેશ્યાં હતાં અને જાણળા મળ્યાં અનુસાર, શબ્બીરભાઈ તથા તેમના પરિવારજને આ લુંટારૂઓએ પ્રથમ કહેલ કે, તેમના પિતા મૃત્ય પામ્યાં છે તો પરિવારની મુલાકાતે આવ્યાં છે. આ સાંભળી શબ્બીરભાઈએ પ્રથમ તો તેઓને ઘરમાં બેસાડ્યાં હતાં અને બાદમાં આ બે લુંટારૂઓ દ્વારા પોતે ઈન્કમટેક્ષના ઓફિસર હોવાનું કહી, ઘરમાં તપાસ કરવાની છે અને કાર્યવાહી કરવાની છે તેમ જણાવતાં શબ્બીરભાઈએ કહેલ કે, સારૂં મારા એક સ્વજનને ફોન કરી લઉં તેમ કહેતાં બંન્ને લુંટારૂઓએ શબ્બીરભાઈના કાન પર નકલી બંદુક ધરી દીધી હતી અને આજ સમયે અન્ય બીજા બે લુંટારત્રઓ પણ મોકો જોઈ ઘરમાં ઘુસી ગયાં હતાં અને ચારેય લુંટારૂઓએ લુંટ ચલાવવાની કોશિષ કરતાં હતાં. પરિસ્થિતીને ભાળી જઈ શબ્બીરભાઈ તથા તેમના પત્નિએ ચારેય લુંટારૂઓનો પ્રતિકાર કરતાં ઝપાઝપીના દ્રશ્યો પણ સર્જાયાં હતાં અને બુમાબુમ પણ થઈ ગઈ હતી. ઝપાઝપી થતાં ચાર પૈકી બે લુંટારૂઓ નાસી જવામાં સફળ રહ્યાં હતા. ત્યારે બે લુંટારૂઓને શબ્બીરભાઈ તથા તેમની પત્નિએ દબોચી લીધાં હતાં અને બુમાબુમ કરી મુકતાં આસપાસના લોકો પણ દોડી આવ્યાં હતાં. જાણવા મળ્યાં અનુસાર, ઝડપાયેલ બંન્ને લુંટારૂઓને પરિવાર અને સ્થાનીકો દ્વારા ઝડપી પાડ્યાં બાદ તેઓને બાંધી મેથીપાક પણ ચખાડચો હતો. ઘટનાની જાણ દાહોદ શહેર પોલીસને કરાતાં પોલીસ કાફલો પણ તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી આવ્યાં હતો અને બંન્ને લુંટારૂઓને લઈ રવાના થઈ ગઈ હતી. બે પૈકી એક લુંટારૂઓને મેથીપાકને પગલે દાહોદની સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

સમગ્ર ઘટનામાં નકલી ઈન્કમટેક્ષ ઓફિસર બની આવેલ આ બંન્ને લુંટારૂ પાસેથી નકલી ઈન્કમટેક્ષ આઈડી કાર્ડ, આધાર કાર્ડ સહિતના દસ્તાવેજો પોલીસને મળી આવ્યાં હતાં.

આ સમગ્ર ઘટના બુરહાની સોસાયટી સ્થિત સીસીટીવી ફુટેજમાં કેદ થઈ ગયાં હતા. બીજી તરફ આ ઘટનામાં મુખ્યત્વે લુંટારૂઓ મહારાષ્ટ્રના હોવાનું સામે આવ્યું છે. ત્યારે આ દાહોદના વ્હોરા પરિવારમાં સદસ્યનું મૃત્યુ થયું હોય અને પરિવારની મુલાકાતે આવ્યાં હોવાનું સામે આવતાં લુંટારૂઓને કેવી રીતે ખબર પડી હશે કે, આ વ્હોરા પરિવારમાં સદસ્યનું મૃત્યું થયુ હતુ અને તેઓને કેવી રીતે ખબર પડી તે પણ એક પોલીસ તપાસનો વિષય બની રહ્યો છે, પરંતુ જે કંઈપણ હોય આ ઘટના હાલ સમગ્ર દાહોદ શહેરમાં ટોક ઓફ ધી ટાઉન રહેવા પામી છે અને પોલીસે પણ તલસ્પર્શી તપાસનો ધમધમાટ આરંભ કરી ગુન્હાનો મુળ હેતુ શોધી કાઢવા ચક્રોગતિમાન કર્યાં છે.

## દાહોદના ડમ્પીંગ યાર્ડ ખાતે મૃત ગાય ફેંકી દેવાતા સ્થાનિકો તેમજ ગૌરક્ષકોમાં રોષ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ ડમ્પીંગ યાર્ડ (કચરો ઢગ) ખાતે મૃત હાલતમાં એક ગાયને ફેંકી દેવામાં આવતાં સ્થાનીક પ્રજા તેમજ ખાસ કરીને ગૌરક્ષકોમાં ભારે રોષની લાઘણી વ્યાપી જવા પામી છે. ગૌવંશને વિધિવત દફન કરવાને બદલે આ ડમ્પીગ યાર્ડના કચરાના ઢગલામાં ફેંકી દેવાતાં કુતરા જેવા પશુઓ આ મૃત ગાયને ફાંડી ખાતાં પણ નજરે પડ્યાં હતાં. દાહોદ સ્માર્ટ સીટી આમ તો અનેક સમસ્યાઓથી ઘેરાયેલું સ્માર્ટ સીટી છે. માત્રને માત્ર સ્માર્ટ સીટીના નામે કામો કાગળ પરજ થઈ રહ્યાં હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે ત્યારે મુખ્ય મુદ્દો સ્માર્ટ સીટી દાહોદનો એ છે કે, દાહોદ સ્માર્ટ સીટીમાં આવેલ ઈન્દૌર હાઈવે રોડ સ્થિત ડમ્પીંગ યાર્ડ (કચરા પેટી) હર હંમેશ કોઈને કોઈ ચર્ચાઓમાં રહેતું જ આવ્યું છે. મધ્યપ્રદેશથી એન્ટ્રી થતાંની સાથેજ સ્માર્ટ સીટીના બોર્ડ સાથે પ્રવેશ દાહોદમાં પ્રવેશ દ્વારા આપવામાં આવ્યો છે. આ પ્રવેશ દ્વારની બીલકુલ સામેનીજ બાજુમાં ડમ્પીંગ યાર્ડ એટલે કે, આખા દાહોદ શહેરનો કચરો આ ડમ્પીંગ યાર્ડમાં નાખી દેવામાં આવે છે પરંતુ આ ડમ્પીંગ યાર્ડનો કચરો હાઈવે રસ્તા ઉપર પણ ઢોળી દેવામાં આવતો હોય છે. જેને



પગલે હાઈવે રસ્તા ઉપરથી પસાર થતાં વાહન ચાલકોને ભારે હાલાકી સાથે અસહ્ય ગંદકીનો સામનો કરવો પડી રહ્યો છે. ગંભીર બાબત એ છે કે, આ ડમ્પીંગ યાર્ડમાં અનેકવાર મૃત પામેલ ગૌવંશને આજ કચરામાં ફેંકી દેવામાં આવતી હોય છે. ગૌવંશને વિધિવત રીતે દફન કરવાને બદલે આ ડમ્પીંગ યાર્ડમાં કચરાની બચ્ચે ફેંકી દેવાતા સ્થાનીકો સહિત ગૌ રક્ષકોમાં ભારે રોષ ફેલાયો છે.

દાહોદે સ્માર્ટ સીટીને નામના મેળવ્યાને વર્ષો વિતી ગયાં છે પરંતુ સ્માર્ટ સીટીનું બિરૂદ મળેલ આ દાહોદ શહેરમાં કોઈ ખાસ પ્રકારની હાલ સુધી કામગીરી જોવા મળતી નથી તેમાંય દાહોદ શહેરવાસીઓ માટે ખાસ માથાનો દુઃખાવો બનેલ એવા ઈન્દૌર હાઈવે રોડ પર આવેલ ડમ્પીંગ યાર્ડમાં કચરાનો ઢગ હર હંમેશ જોવા મળી રહ્યો છે. આ કચરાનો ઢગ એટલી હદે વધી રહ્યો છે કે, આ કચરો હરહંમેશ અહીંથી પસાર થતાં હાઈવ રસ્તાની વચ્ચે પણ ખડકી દેવામાં આવતો હોય છે. આ ડમ્પીંગ યાર્ડને પગલે અહીંના સ્થાનીકો પણ ભારે હેરાન પરેશાન થઈ ગયાં છે. અસહ્ય ગંકદીને પગલે અહીંના સ્થાનીકો તેમજ દાહોદ શહેરવાસીઓમાં રોચાળો ફેલાય તેવી ભીતી પણ સર્જાઈ રહી છે. ડમ્પીંગ યાર્ડને અન્ય શહેરમાંથી અન્ય જગ્યાએ દુર કોઈ બીજા સ્થળે ખેસડવા માટે સ્થાનીકો સહિત શહેરવાસીઓએ અનેકવાર સંલગ્ન તંત્રના અધિકારીઓને રજુઆત કરી છે પરંતુ આ સમસ્યાનું કોઈ હાલ સુધી નિરાકરણ આવ્યું નથી. ત્યારે હાલ આ ડમ્પીંગ યાર્ડમાં છેલ્લા ઘણા સમયથી એક નજારો જોવા મળી રહ્યો છે. જેમાં મૃત પામેલ ગૌ વંશને આ ડમ્પીંગ યાર્ડના કચરાના ઢગલામાં નાખી જેવામાં આવે છે. મૃત ગૌવંશને કુતરા જેવા પ્રાણીઓ ફાડી ખાતા હોય છે. ગૌ વંશને હિન્દુ ધર્મમાં માતાનું સ્થાનું સ્થાન આપવામાં આવે છે પરંતુ ગૌવંશને કચરામાં ફેંકી દેવા દાહોદ શહેરના હિન્દુ સંગઠનો તેમજ ગૌરક્ષકોમાં રોષની લાગણી પણ ફેલાઈ છે. દાહોદ શહેરમાં આવેલ આ ડમ્પીંગ યાર્ડ લોકો માટે માથાનો દુઃખાવો બની રહ્યો છે. મૃત ગાય (ગૌવંશ) જેવા અનેક પશુઓને આ ડમ્પીંગ યાર્ડમાં ફેંકી દેવાતાં લોકોમાં રોગચાળાની ભીતી પણ સર્જાઈ છે. ત્યારે આ મામલે સલંગ્ન તંત્રના અધિકારીઓ ધ્યાન દોરે તે અત્યંત આવશ્યક છે. દાહોદ શહેરમાં આમેય ડેન્ગ્યું, મલેરીયા જેવા રોગચાળાએ પણ માથું ઉચક્યું છે. સરકારી હોસ્પિટલોથી લઈ ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની લાંબી લાઈનો પણ જોવા મળી રહી છે ત્યારે ખાસ કરીને આ ડમ્પીંગ યાર્ડને હાઈવે રસ્તાથી અને ગામથી દુર કરી અન્યત્ર કોઈ સ્થળે ખેસડવામાં આવે તેવી લાગણી અને માંગણી શહેરવાસીઓમાં ઉઠવા પામી છે.

### દાહોદ શહેરમાંથી પસાર થતી હાઈવે રોડ ઉપર

## ST બસની ઓવર ટેક કરવા જતાં બાઈક ચાલક બસ નીચે આવવા છતાં આબાદ બચાવ થયો

દાહોદ,

રામ રાખે તેને કોણ ચાખેની પંક્તિ સાર્થક કરતો કિસ્સો કહોકે ઘટના જે દાહોદ શહેરમાં સામે આવ્યો છે અને આ ઘટનાને પગલે લોકોના રૂવાડા પણ ઊભા કરી નાખ્યાં છે. દાહોદ શહેરમાંથી પસાર થતાં હાઈવે રોડ પર સ્માર્ટ સીટીના બોર્ડની આગળના રસ્તા પર એક એસ.ટી. બસને ઓવરટેક કરવા જતાં એક મોટરસાઈકલનો ચાલક મોટરસાઈકલ સાથે એસ.ટી.બસની આગળ આવી ગયો હતો અને જોતજોતામાં એસ.ટી. બસની નીચે મોટરસાઈકલ સવાર યુવાન આવી ગયો હતો પરંતુ એસ.ટી.બસની નીચેથી હેમખેમ યુવાન બહાર નીકળી ગયો હતો અને આ સમગ્ર ઘટનાનો વિડીયો હાલ સોશિયલ મીડીયમાં એટલો વાઈરલ થઈ રહ્યો છે કે, સૌ કોઈના રૂવાડા ઉભા કરી નાંખ્યાં છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ શહેરની અંદર પ્રવેશતાંની સાથે જ ગોધરા રોડથી લઈ ઝાલોદ તરફના હાઈવે માર્ગ માર્ગ પર સ્માર્ટ સીટીના બોર્ડ સાથે એન્ટ્રી પ્રવેશ દ્વારા છે. ગતરોજ તારીખ ૧૩મી સપ્ટેમ્બરના રોજ સાંજના ચારેક વાગ્યાના આસપાસ દાહોદમાં પ્રવેશ કરતી એક એસ.ટી.બસ પસાર થઈ રહી હતી. આ સમયે એસ.ટી. બસની પાછળ એક મોટરસાઈકલ પર સવાર યુવાન પણ પ્રવેશ કરી રહ્યો હતો અને એસ.ટી.બસને ઓવરટેક કરી આગળ જવાનો પ્રયત્ન કરતાં જોત જોતામાં મોટરસાઈકલ એસ.ટી.બસની આગળના ભાગે ઘુસી ગઈ હતી. મોટરસાઈકલ સવાર પણ એસ.ટી.બસની અંદર નીચેના ભાગે તોતિંગ પૈડાની સાઈડમાં ઘુસી ગયો હતો ઘટનાને પારખી જઈ એસ.ટી.બસના ડ્રાઈવરે જાણે એસ.ટી.બસને બ્રેક મારી હતી અને થોડીજ વારમાં મોટરસાઈકલ સવાર ચાલક એસ.ટી.બસની નીચેથી હેમખેમ નીકળી ગયો હતો. એકક્ષણે એવું પણ લાગતું હતું કે, મોટરસાઈકલ ચાલકની જીવ ઘટના સ્થળેજ જતો રહેશે પરંતુ રામ રાખે તેને કોણ ચાખે જેવી કહેવતે આજે પોતાની પંક્તિ સાર્થક કરી હતી. મોટરસાઈકલનો ચાલક હેમખેમ એસ.ટી.બસની નીચેથી નીકળી ગયો હતો. થોડીવારમાં અહીંથી પસાર થતાં અન્ય વાહન ચાલકો પણ આ ઘટનાને જોઈ સ્તબ્ધ બની ગયાં હતાં અને મોટરસાઈકલના ચાલકની મદદે પહોંચી ગયાં હતાં. આ સમગ્ર ઘટના હાઈવે રસ્તાના સીસીટીવી ફુટેજમાં કેદ થઈ જતાં અને વાયુવેગે દાહોદ જિલ્લાના સોશિયલ મીડિયમાં ફેલાઈ જતાં સૌ કોઈના જીવ આ વાઈરલ વિડીયો જોઈ એકક્ષણે તાળવે ચોંટી ગયાં હતાં.

## ફતેપુરાના ઢંઢેલા ગામની સગીરાનું અપહરણ કરતાં ફરિયાદ

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ઢઢેલા ગામે એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગત તા.૦૬ સપ્ટેમ્બરના રોજ ફતેપુરા તાલુકાના માધવા ગામે રહેતાં રાજુભાઈ ગજાભાઈ કટારાએ ફતેપુરા તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં ઢઢેલા ગામેથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પીપલોદ ગામે ફરક આંક જુગાર રમાડતા બે ઈસમો ઝડપ્યા

પીપલોદ,

દાહોદ જિલ્લાના પીપલોદ ગામે જાહેરમાં આંક ફરકના આંકડા લખી, લખાવડનાર બે ઈસમોને પોલીસે દબોચી લઈ તેઓની અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા ૧૦,૧૩૦ તથા જુગારના સાધનો કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૧૩મી સપ્ટેમ્બરના રોજ પીપલોદ પોલીસને મળેલ બાતમીના આધારે, ભુત ફળિયામાં જાહેરમાં સચીનભાઈ રાજુભાઈ પટેલ (રહે. પટેલવાડા, ગોધરા, જિ.પંચમહાલ) અને જીવણભાઈ અમરાભાઈ બારીઆ (રહે. પીપલોદ, ટાંડી ફળિયું, તા.દેવગઢ બારીઆ, જિ.દાહોદ) આ બંન્ને જણા આંક ફરકનો આંકડાઓ લખી, લખાવડાવી હાર જીતનો જુગાર રમતા અને રમાડતા હતાં. પોલીસે ઓચિંતો છાપો મારી ઉપરોક્ત બંન્ને જણાને દબોચી લઈ તેઓની અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા ૧૦,૧૩૦ તથા જુગારના સાધનોમાં બુક, કોરી બુક, કાર્બન, બોલપેન વિગેરે કબજે કરી બંન્ને વિરૂદ્ધ પીપલોદ પોલીસે જુગાર ધારાની કમલ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ૨૦૧૯થી બંધ જેટ એરવેઝની ફલાઈટો ફરી શરૂ

દિલ્હી,

જેટ એરવેઝના સીઈઓ કેપ્ટન સુધીર ગૌડ છે. તેમણે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૨ સુધી તમામ કેટેગરીમાં ૧૦૦૦થી વધુ કર્મચારીઓની ભરતી શરૂ કરાશે. અમે પહેલાથી ૧૫૦થી વધુ ફુલટાઈમ કર્મચારીઓની નિમણૂક કરી પણ લીધી છે.એપ્રિલ ૨૦૧૯થી બંધ જેટ એરવેઝની ફલાઈટો ફરી શરૂ થવાની છે. આશરે ૩ વર્ષ સુધી થંભી રહ્યા બાદ એરલાઈન્સ ૨૦૨૨ના પ્રથમ ત્રિમાસિકથી તેની ડોમેસ્ટિક ફ્લાઈટોનું સંચાલન શરૂ કરશે. તેના પછી આગામી નાણાકીય વર્ષના અંત સુધીમાં આંતરરાષ્ટ્રીય ફલાઈટો શરૂ કરશે. કાર્લરોક જાલાન કન્સોર્ટિયમના સભ્ય મુરારી લાલ જાલાને સોમવારે આ માહિતી આપતાં કહ્યું કે પ્રથમ ફલાઈટ દિલ્હી-મુંબઈ વચ્ચે ઉડાન ભરશે. ૩ વર્ષમાં ૫૦થી વધુ અને ૫ વર્ષમાં ૧૦૦થી વધુ વિમાનોની ફ્લિટ તૈયાર કરવાની છે. મુંબઈની જગ્યાએ આ વખતે હેડક્વાર્ટર દિલ્હીમાં રહેશે. ઉડ્ડયન ક્ષેત્રના ઈતિહાસમાં પહેલીવાર બે વર્ષથી વધુ સમય સુધી બંધ રહેલી એરલાઈન્સ ફરી શરૂ થઈ રહી છે.

## ગરબાડાના ભે ગામાની બાઈક સવારે બે ઈસમોએ બકરીની ચોરી કરી

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ભે ગામેથી મોટરસાઈકલ પર સવાર થઈ આવેલ અજાણ્યા બે ઈસમોએ એક બકરી કિંમત રૂા.૧૫૦૦ની ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૧૩મી સપ્ટેમ્બરના રોજ ભે ગામે હાંડીયા ફળિયામાં રહેતાં અમરસીંગભાઈ મગનભાઈ ભાભોરના ઘરના આંગણે બાંધી રાખેલ પોતાની એક બકરી કિંમત રૂા.૧૫૦૦ની મોટરસાઈકલ પર સવાર થઈ આવેલ બે અજાણ્યા ઈસમોએ ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે અમરસીંગભાઈ મગનભાઈ ભાભોરે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ વેસ્ટર્ન રેલ્વે મજદુર સંઘ સરકારની નીતિ રીતિના વિરોધમાં એક સપ્તાહનો વિરોધ કાર્યક્રમ યોજાશે

દાહોદ,

દાહોદ શહેરમાં વેસ્ટર્ન રેલ્વે મજદુર સંઘ, દાહોદ દ્વારા સરકારની નિતી રિતીના વિરોધમાં સાપ્તાહિક વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. સોમવારથી આરંભ થયેલ આ વિરોધ પ્રદર્શનમાં આજરોજ દાહોદ રેલ્વે સ્ટેશન પ્લેટ ફોર્મ પર રેલી કાઢી સરકાર વિરોધી સુત્રોચ્ચાર પણ પોકારવામાં આવ્યાં હતાં અને પોતાની વિવિધ માંગણી વહેલામાં વહેલી તકે સરકાર પુરી કરે તેવી રજુઆત કરી હતી.

વેસ્ટર્ન રેલ્વે મજદુર સંઘ, દાહોદ દ્વારા સાપ્તાહિક વિરોધ પ્રદર્શનમાં સોમવારથી શરૂં થયેલ આ વિરોધ પ્રદર્શનના ભાગરૂપે આજરોજ દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે સંઘના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં જ્યાં હાથમાં બેનરો લઈ વિરોધ દર્શાવ્યો હતો. રેલવે મજદુર સંઘ, દાહોદના કર્મચારીઓના જણાવ્યાં અનુસાર, સરકારની નિતી રિતીના વિરોધમાં આ વિરોધ પ્રદર્શન યોજવામાં આવી રહ્યું છે. જેમાં પોતાની વિવિધ માંગણીઓ જેવી કે, રેલવે વેચવાનું બંધ કરો, એન.પી.એસ. રદ્દ કરો, ઓ.પી.એસ. ચાલુ કરો, ૪૩૬૦૦ની સિલીંગ હટાવીને તમામને એન.ડી.એ. તરત આપવાનું ચાલુ કરો, રેલ્વે કોલોની વેચવાનું પણ બંધ કરો, એલ.ડી.સી.ઈ. ઓપન ટું ઓલ કરે, શ્રમ વિરોધી નિતીઓને લાગુ કરવાનું બંધ કરે, સરકારે જ્યારથી આ કાર્ય સંભાળ્યું છે. ત્યારથી કર્મચારી વિરોધી નિતીઓ શરૂં કરી છે. જેવી વિવિધ માંગણીઓ અને વિવિધ વિરોધ સાથે દાહોદ વેસ્ટર્ન રેલવે મજદુર સંઘ દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યો હતો.

## દાહોદ પશ્ચિમ યાર્ડ તરફના રેલ્વે ટ્રેક ઉપર ટ્રેનની અડફેટે અજાણ્યા વ્યકિત આવી જતાં મોત

દાહોદ,

દાહોદ રેલવે સ્ટેશન પશ્ચિમ યાર્ડ તરફ રેલવે ટ્રેક પર ટ્રેનની અડફેટે એક અજાણ્યો પુરૂષ આવી જતા ગંભીર ઈજાઓને પગલે તેને વડોદરાની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતાં જ્યાં તેનું સારવાર દરમ્યાન મોત નીપજ્યાનું જાણવા મળે છે. ઘટનાની જાણ સ્થાનિક રેલવે પોલીસ પોલીસને થતા પોલીસ કાફલો તાબડતોબ સ્થળ પર દોડી હતો બાદમાં મૃતકને નજીકના દવાખાને પોસ્ટમોર્ટમ અર્થે રવાના કરી દેવામાં આવ્યો હતો. ગત તારીખ ૧૨મી સપ્ટેમ્બરના રોજ રાત્રીના એક વાગ્યા આસપાસ દાહોદ રેલવે સ્ટેશન તરફ પશ્ચિયાર્ડમાં ડાઉન લાઈન પાસે કોઈપણ ટ્રેનની અડફેટે એક અજાણ્યો પુરૂષ ઉંમર વર્ષ આશરે ૪૫ વર્ષનો ટ્રેનની અડફેટે આવી જતાં તેને શરીરે, હાથે – પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ દાહોદ રેલવે પોલીસને થતાં તેઓ ઘટના સ્થળ પર દોડી ગયા હતા અને આ અંગેની જાણ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા અને કરાતા તેઓ પણ તાબડતોડ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. ગંભીર ઈજાગ્રસ્ત અજાણ્યા ઈસમને વડોદરાની હોસ્પિટલ ખાતે રવાના કરી દેવામાં આવ્યાં હતો પરંતુ જ્યાં ગંભીર ઈજાઓને પગલે અજાણ્યા પુરૂષનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. દાહોદ રેલવે પોલીસ દ્વારા આ મામલે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી સીઆરપીસી કલમ મુજબ ગુનો નોંધી મૃતક અજાણ્યા ઈસમના વાલીવારસોની શોધખોળનો આરંભ કર્યો છે.

## ઝાલોદ માંથી ચોર ઈસમો બાઈકની ચોરી થતાં ફરિયાદ

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાંથી અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલની ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

ગત તા.૦૯મી સપ્ટેમ્બરના રોજ મયંકભાઈ રામુભાઈ કટારા (રહે. મુવાડા, તા.ઝાલોદ, જિ.દાહોદ) પોતાના કબજાની મોટરસાઈકલ લઈ મુવાડા રામજી મંદિર ખાતે કોઈ કામ અર્થે આવ્યાં હતાં અને તેઓને પોતાની મોટરસાઈકલ સ્થળ પર લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે મયંકભાઈ રામુભાઈ કટારાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરાના ખાતરપુરના મુવાડાનો અમદાવાદ મધ્યસ્થ જેલનો કેદી પેરોલ જમ્પ કરતાં ફરિયાદ

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ખાતરપુરના મુવાડા ગામના પાકા કામનો કેદી અમદાવાદની મધ્યસ્થ જેલમાંથી પેરોલ ઉપર મુક્ત થયાં બાદ પરત જેલમાં હાજર નહીં થતાં આ મામલાની જાણ દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સુખસર પોલીસને જાણ કરાતાં પોલીસે આ મામલે કેદી વિરૂધ્ધ ગુનો નોંધી તેને શોધી કાઢવા ચક્રોગતિમાન કર્યાં છે.

ખાતરના મુવાડા ગોમ રહેતો પાકા કામનો કેદી શૈલેષભાઈ પારસીંગભાઈ ભાભોર અમદાવાદની મધ્યસ્થ જેલ ખાતેથી આ કેદીના ગુજરાત હાઈકોર્ટના હુકમના સંદર્ભના દિન–૨૧ના પેરોલ મંજુર તથા દિન–૦ના વધારા સાતએ કુલ ૨૧ દિવસ માટે તારીખ ૦૩.૦૪.૨૦૨૧ના રોજ મધ્યસ્થ જેલ અમદાવાથી પેરોલ ઉપર મુક્ત કરવામાં આવ્યો હતો અને તારીખ ૨૫.૦૪.૨૦૨૧ના રોજ પરત અમદાવાદની મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનું હતું પરંતુ આ પાકા કામનો કેદી શૈલેષભાઈ પારસીંગભાઈ ભાભોર પેરોલ પુરા થતાં આજદિન સુધી હાજર નહીં થતાં આ મામલે દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સુખસર પોલીસ મથકે જાણ કરાતાં પોલીસે આ પાકા કામના કેદી વિરૂધ્ધ ગુનો નોંધી તેને શોધી કાઢવા પ્રયાસો હાથ ધર્યાં છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.20

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા નગરમાં યોજાનાર ગણેશ વિર્સજન યાત્રાને લઈ વહિવટી તંત્ર સજ્જ

ગોધરા,
ગોધરા શહેરમાં પાંચ દિવસ ભકતોનું આતિથ્ય ભાવમાની છઠ્ઠા દિવસે ૧૫ સપ્ટેમ્બર બુધવારના રોજ ગણેશ વિર્સજન યાત્રા યોજાનાર છે. શહેરમાં ગણેશ વિર્સજન યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે જીલ્લા કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૧૯ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની વિવિધ વિસ્તારોમાં નિમણૂંક કરવામાં આવી છે.

ગોધરા શહેરમાં ગણેશ મંડળો દ્વારા શ્રીજીની મૂર્તિઓની સ્થાપના કરી પાંચ દિવસ સુધી ભકિતભાવ અને આસ્થા સાથે પૂજા અર્ચના કરી ભકતો છઠ્ઠા દિવસે સ્થાપિત ગણેશજીની મૂર્તિઓ વિર્સજીત કરતા હોય છે. ૧૫ સપ્ટેમ્બર બુધવારના રોજ યોજાનાર ગણેશ વિર્સજન યાત્રામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને શાંતિપૂર્ણ માહોલમાં ગણેશ વિર્સજન યોજાય તે માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં ગણેશ વિર્સજન યાત્રામાં ૩ હજાર જેટલા પોલીસ સ્ટાફનો ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ત્યારે જીલ્લા કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ગણેશ વિર્સજન યાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૧૯ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટોની નિમણૂંક કરવામાં આવી છે. જેમાં નેકસા સર્વિસ સ્ટેશન પાસે બનાવેલ કૃત્રિમ તળાવ ખાતે અશોધ ચૌધરી (નાયબ મામલતદાર), લાલબાગ ટેકરી મંદિર ગ્રાઉન્ડ ખાને કૃત્રિમ તળાવ ખાતે ડી.ડી.ચૌધરી (સર્કલ ઓફિસર), સાયન્સ કોલેજ ન્યુઈરા સ્કુલ સામે કૃત્રિમ તળાવ ખાતે જે.એલ. ખરાડી ( નાયબ મામલતદાર), સમ્રાટ નગર બામરોલી રોડ કૃત્રિમ તળાવ ખાતે હાર્દિકભાઈ બારોટ (નાયબ મામલતદાર), હોળી ચકલા ખાતે સુરેશભાઈ સંગાડા (સર્કલ ઓફિસર), વિશ્વકર્મા ચોક ખાતે જી.એચ.વાઘેલા (નાયબ મામલતદાર), ચોકી નં.૧ પાસે એસ.કે.લાકોડ (નાયબ મામલતદાર) સંભવિત શોભાયાત્રા સાથે આગળના ભાગે એ.એલ.રાજપુત (નાયબ મામલતદાર), સંભવિત શોભાયાત્રા પાછળના ભાગે બી.વી.ડામોર (નાયબ મામલતદાર), ચોકી. નં.૨ પાસે એસ.પી.ફાર્મર (નાયબ મામલતદાર, રાણી મસ્જીદ પાસે કેતન સોલંકી (નાયબ મામલતદાર), કેકડી ચોકડી આર.આર.ગોસાઈ (ના. મામલતદાર), પોલન બજાર ખાતે એન.એમ. બારીયા (ના. મામલતદાર), સુખી ચોકડી ખાતે એમ.એલ.વાઘેલા (ના. મામલતદાર) ચોકી નંબર.૬ એમ.એસ. ગોહિલ (ના. મામલતદાર), ચોકી. નં.૭ એન.કે.મોદી (ના. મામલતદાર), રક્ષણ રોડ ખાતે એસ.ડી.પટેલ (સર્કલ ઓફિસર), નીલમ લોજ ખાતે જે.ડી.પાદરીયા (ના. મામલતદાર), ચોકી નં.૪ એમ.યુ.પરમાર (ના.મામલતદાર) જ્યારે ગોધરા મામલતદાર કચેરી કંટ્રોલ રૂમ તેમજ રીપોટીંગ કામગીરી માટે પરેશભાઈ પટેલ, એન.બી.બિહોલા, ગૌરવભાઈ પટેલ, મૌલિકભાઈ અંજારીયા મામલતદાર કચેરીના કર્મચારીઓ ફરજ બજાવશે. આમ જીલ્લા કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ગણેશ વિર્સજનમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે નિમણૂંક કરેલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ સવારે ૯ વાગ્યા થી ગણેશ વિર્સજન પૂર્ણ થાય ત્યાં સુધી ફરજ બજાવશે.

જયારે ગોધરા ખાતે સંભવિત શોભાયાત્રા અને ગણેશ વિર્સજન ૧૫ સપ્ટેમ્બરના રોજ થનાર છે. વિર્સજન દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની યોગ્ય તકેદારી રાખવાની હોય છે.જેને લઈ જીલ્લા કલેકટર કચેરીના કન્ટ્રોલ રૂમ ખાતે આર.એ.સુથારીયા (નાયબ મામલતદાર) રસીકભાઈ ચૌધરી હાજર રહેશે.

## ગણેશ વિર્સજનને લઈ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ૩ હજાર પોલીસ સ્ટાફ બંદોબસ્તમાં ગોઠવાયા

ગોધરામાં પાંચ દિવસ ભકતોનું આતિથ્ય માણ્યા બાદ છઠ્ઠા દિવસે ૧૫ સપ્ટેમ્બર બુધવારના ગણેશ વિર્સજન યાત્રા યોજાનાર છે. ગણેશ વિર્સજન યાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઈ રહે તેમજ શાંતિપૂર્ણ માહોલમાં વિર્સજન યાત્રા યોજાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગોધરા શહેરમાં ગણેશ વિર્સજન યાત્રા દરમિયાન ૩ હજાર પોલીસ સ્ટાફ ખડે પગે ફરજ બજાવશે.

- ગણેશ વિર્સજન યાત્રામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ૧૯ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ વિવિધ સ્થળ ફરજ બજાવશે.
- વહિવટી તંત્ર દ્વારા કૃત્રિમ તળાવોમાં શ્રીજીની મૂર્તિઓ વિર્સજન કરવા તૈયારી પૂર્ણ કરી.
- ગણેશ વિર્સજન માટે પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો.
- વિર્સજન યાત્રામાં ૩ હજાર પોલીસ કર્મચારી ફરજ બજાવશે.

## શ્રીજીની સ્થાપિત મૂર્તિઓ વિર્સજન કૃત્રિમ તળાવમાં કરવા માટેનું આયોજન

ગોધરા શહેરમાં ગણેશ વિર્સજન માટે જે તે વિસ્તારમાં તંત્ર દ્વારા કૃત્રિમ તળાવો બનાવવામાં આવ્યા છે. તે વિસ્તારોના રૂટ નકકી કરવામાં આવ્યા છે. ગણેશ વિર્સજન યાત્રા તેમના વિસ્તારમાં બનાવેલ કૃત્રિમ તળાવો ખાતે કરવાની રહેશે. ગોધરા શહેરમાં લાલબાગ મંદિર મેદાનમાં ૨ કૃત્રિમ તળાવો, લુણાવાડા રોડ જી.આઈ.ડી.સી.પાસે ૧ કૃત્રિમ તળાવ, સાયન્સ કોલેજ રોડ ઉપર ૨ કૃત્રિમ તળાવ, બામરોલી રોડ સમ્રાટ નગર પાસે ૨ કૃત્રિમ તળાવોમાં શ્રીજીની મૂર્તિઓ વિર્સજીત કરવાની રહેશે.

## ગણેશ વિર્સજન યાત્રા દરમિયાન નિયત કરેલ પોલીસ બંદોબસ્તની વિગતો....

૭ - ડી.વાય.એસ.પી.
30 - પી.આઈ.
૭૭ - પી.એસ.આઈ.
0૪ - કંપની એસ.આર.પી.
0૧ - કંપની રેપીડ એકસન ફોર્સ
૧૪૦૦ - હોમગાર્ડ જવાનો
3૪0 - જી.આર.ડી.જવાનો

## પરંપરાગત રૂટ ઉપર ગણેશ વિર્સજન યાત્રા ૧ મંડળને લઈ જવા માટે તંત્રમાં અસમંજસ

ગોધરા શહેરમાં આજરોજ યોજાનાર ગણેશ વિર્સજન યાત્રામાં ગણેશ વિર્સજન રૂટ ઉપર વિશ્વકર્મા ચોક ગણેશ મંડળને શોભાયાત્રા યોજવા દેવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. જીલ્લા વહીવટી તંત્ર ગણેશ વિર્સજન યાત્રા માટે એક ગણેશ મંડળને છુટ આપવામાં વિચાર વિમર્શ કરી રહી છે. સંભવિત રીતે ગણેશ વિર્સજન માટે એક ગણેશ મંડળને છુટ આપવા માટે અન્ય ગણેશ મંડળોના આયોજકોને વિશ્વાસમાં લેવામાં આવે તે જરૂરી છે.

# શહેરામાં આજે થનાર ગણેશ વિર્સજનને લઈ તંત્ર સજ્જ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરામાં આજે બુધવારના રોજ ગણેશ વિર્સજન થનાર હોવાથી પોલીસ સ્ટેશનમાં ડી.વાય.એસ.પી હિમાલા બેન જોષી અને પી.આઇ.ની અધ્યક્ષતામાં ગણેશ મંડળો સાથે બેઠક યોજાઈ હતી. જેમાં વિસર્જન માં કાયદો અને વ્યવસ્થાનું પાલન કરી શાંતિપૂર્ણ રીતે ઉજવણી થાય તે માટે ગણેશ મંડળના આયોજકોને કોરોનાના ગાઈડ લાઈનનું પાલન કરવામા આવે અને ગણેશ મંડળોને ટૂંકા માર્ગે તળાવ ખાતે પહોંચી જવા સહિતની જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

શહેરા નગરમાં આજે બુધવારના રોજ ગણેશ વિસર્જન થનાર છે. જેને લઈને પોલીસ સ્ટેશનમાં ગણેશ વિસર્જન શાંતિપૂર્ણ રીતે પાર પડે તે માટે ડી.વાય.એસ.પી હિમાલા બેન જોષી તેમજ પોલીસ ઈન્સ્પેકટર નિતીન ચૌધરી અધ્યક્ષતામાં ગણેશ મંડળો સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં વિવિધ ગણેશ મંડળના આયોજકો ઉપસ્થિત રહયા હતા. ડી.વાય.એસ.પી હિમાલા બેન જોષીએ ગણેશ મંડળના આયોજકોને આ પ્રસંગ ધાર્મિક હોય દરેક ગણેશ મંડળો એ ટૂંકા માર્ગે તળાવ ખાતે પહોંચી જઈને પ્રતિમાનું વિસર્જન કરવાનું રહેશે તે દરમિયાન કોરોના ગાઈડ લાઈનનું ચુસ્તપણે પાલન કરવા સહિત ૧૫થી વધુ લોકો હોવા જોઈએ નહી. જો આ દરમિયાન કાયદો અને વ્યવસ્થા તોડતા પકડાશે તો કાયદેસરની કાર્યવાહી પોલીસ દ્વારા કરવામાં આવશે તે સહિત અનેક જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. આ બેઠકમાં ગણેશ મંડળના મહેશ ભાઈ હરિજન, મેહુલ વાળંદ, યુગલ સોની, ચંદ્રકાંત બ્રહ્મભટ્ટ, અનિલ વાળંદ સહિત વિવિધ ગણેશ મંડળના આયોજકો સહિત મુસ્લિમ સમાજના અગ્રણી ઈમરાન ભાઈ પઠાણ પણ ઉપસ્થિત રહયા હતા. બુધવારને આજે દુંદાળાદેવની ઢોલ નગારા ડીજેના તાલ અને સુર સંગીત તથા અબીલ ગુલાલની છોળો સાથે ધામધૂમથી ભવ્ય સવારી નીકળશે. ત્યારે ગણપતિ બાપ્પા મોરિયા..... ગણપતિ બાપ્પા મોરિયા અગલે બરસ તુ જલ્દી આના ના નાંદ સાથે વાતાવરણ ગુંજી ઉઠશે તંત્ર દ્વારા પણ ગણેશ વિસર્જન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે પોલીસ તંત્ર દ્વારા પણ ગણેશ રૂટ પર પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવનાર છે. નગર પાલિકા ના સેનેટરી ઈસ્પેક્ટર જીતેન્દ્ર રાઠોડએ જણાવ્યું હતું કે, નગરના મુખ્ય તળાવ ના આવળા પર એક હોજ જેવુ બનાવેલ છે. તેમાં નાની મોટી ગણેશ પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવનાર છે. નગરપાલિકા દ્વારા બે તરાપા સહિત તરવૈયાઓની ટીમ પણ તૈયાર કરી દેવામાં આવી છે. જવાબદાર તંત્રના અધિકારીઓએ પણ તળાવ ખાતે મુલાકાત લઈને નિરીક્ષણ કર્યુ હતું. ગણેશ વિસર્જનની તમામ તૈયારીઓ વહીવટી તંત્ર દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી હતી. પાંચ દિવસ સુધી દુંદાળાદેવની આરાધના કર્યા બાદ ભાવિકો દ્વારા ગણપતિને ભાવભેર વિદાય આપવામાં આવનાર છે.

# ગોધરા ST નિગમના કર્મચારી મંડળ અને મજદુર સંઘ દ્વારા પડતર પ્રશ્નોને લઈ જીલ્લા કલેકટરને આવેદન આપ્યું

ગોધરા,
ગોધરા એસ.ટી. મજદુર સંઘ દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નોના અવાર-નવાર રજુઆત છતાં આજદિન સુધી નિરાકરણ આવેલ નથી. આ બાબતે એસ.ટી.નિગમના ત્રણેય યુનિયન દ્વારા સ્થાનિક ધારાસભ્ય, સાંસદ તેમજ જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમના કર્મચારીઓના પડતર પ્રશ્નો માટે નિગમના ત્રણેય માન્ય સંગઠનો દ્વારા અવાર-નવાર લેખિત તથા મૌખિક રજુઆત નિગમકક્ષાએ તેમજ સરકારમાં કરવા છતાં પ્રશ્નો નિકાલ કરવામાં આવેલ નથી. એસ.ટી. કર્મચારીઓના પડતર માંગણીઓ જેવી કે, સેટલમેન્ટ કરાર મુજબ જુલાઈ ૨૦૧૯ થી ૫ ટકા અને જુલાઈ ૨૦૧૯ થી ૧૧ ટકા વધેલ મોંઘવારી મળી કુલ ૧૬ ટકા મોંઘવારી ભથ્થાની અસર સહિત તેમજ ચડત એરીયર્સની રકમ ટેમ્બર પેઈડ ઈન ઓકટોમ્બર ૨૦૨૧ માસના પગારમાં ચુકવવામાં આવે. વર્ગ-૪ના કર્મચારીઓને વર્ષ-૨૦૧૮-૨૦૧૯, વર્ષ ૨૦૧૯-૨૦નું એક્સ ગ્રેસીયા બોનસ ૧૯ સપ્ટેમ્બર સુધી ચુકવણી કરવામાં આવે. સેટલમેન્ટ કરાર મુજબ-૭ માં પગાર પંચની અમલવારી થી ચુકવવા પાત્ર થતો ઓવર ટાઈમ પાછલી અસર સાથે તત્કાલીક અસર થી ચુકવી આપવો, ૬ માર્ચ ૨૦૧૯ના લેખિત સમાધાન મુજબ ૭ માં પગાર પંચ મુજબ એરીયર્સનું છેલ્લા હપ્તાનું ચુકવણું કરાયેલ નથી. તે મુજબ નિવૃત કર્મચારીઓને ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૨ સુધી ચુકવી આપવું. નિગમના કર્મચારીઓને કોરોના વોરીયર્સ જાહેર કરી મળવાપાત્ર લાભો સત્વરે ચુકવવા, ડ્રાયવર, કંડકટર, મીકેનીક કક્ષાના કર્મચારીઓને ભરતી કેબઢ્તીમાં સીસીસી પ્રમાણપત્રની જરૂરયાતની જોગવાઈ રદ કરવી, બદલી અંગેનો પરિપત્ર નં. ૨૦૭૭ રદ કરવો અથવા ધારાધોરણે હળવા કરવા ૧૫ સપ્ટેમ્બર સુધી નિર્ણય કરવામાં આવે નિગમના ફીકસ પગાર કર્મચારીઓને સરકારના ધારાધોરણ મુજબ પગાર વધારો સરકારના ઠરાવની તારીખ થી એરીયર્સ સહિત ચુકવી આપવો.

એસ.ટી. નિગમના કર્મચારીઓ સાથેના સેટલમેન્ટ કરાર મુજબ વર્ષ ૨૦૦૭-૨૦૦૯ના વાદળી ડોંગરી તેમજ વર્ષ ૨૦૦૯ થી આજ દિન સુધી બ્લોક પિરીયડનો ખાખી યુનિફોર્મ તથા વાદળી ડોંગરી આપવી યુનિફોર્મનું કાપડ ન આપવામાં આવે ત્યાં સુધી યુનિફોર્મ બાબતે ડીફોલ્ટકેસ ન કરવો, ફીકસ પગારના કર્મચારીના અવસાનના કિસ્સામાં તેના આત વારસદાને સરકારના ઠરાવ મુજબ ૪ લાખ આર્થિક પેકેજનો લાભ આપવો, નિગમમાં ફરજ બજાવતા મહિલા કર્મચારીઓ માટે તમામ વિભાગ અને એકમો ખાતે અલગ થી આરામ ગૃહ, સંડાસ-બાથરૂમ બનાવવા, પાર્ટટાઈમ કર્મચારીઓના કામના કલાકોમાં વધારો કરવો, કાયમી કરવા હાઈકોર્ટ દ્વારા રોજમદાર કર્મચારીઓને કાયમી કર્મચારીઓને મળતા તમામ નાણાંકીય લાભો આપવાના હુકમ કરવામાં આવેલ છે. તે રીતે નિગમના પાર્ટ ટાઈમ કર્મચારીઓને લાભ આપવા જેવી પડતર માંગણીઓ સાથે ગોધરા એસ.ટી. કર્મચારી મંડળ અને એસ.ટી.મજદુર સંઘ દ્વારા સ્થાનિક ધારાસભ્ય, સાંસદ સભ્ય તેમજ પંચમહાલ જીલ્લા કલેકટરને આવેદન આપીને રજુઆત કરાઈ અને ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી નિકાલ લાવવામાં આવે નહિ તો ગાંધી ચિંધ્યા માર્ગે તબકકાવાર આંદોલન કરવાનું નકકી કરવામાં આવ્યું છે.

# પંચમહાલ જિલ્લાના ૨૦૦ ગામોમાં ૧૦૦ ટકા રસીકરણ પૂર્ણ

## જિલ્લામાં લક્ષ્યાંક પૈકીના ૭૦.૮૯ ટકાને રસી અપાઈ




ગોધરા,
પંચમહાલ જિલ્લામાં કોવિડ વેકિસનેશન અભિયાન અંતર્ગત જિલ્લાના કુલ ૬૨૦ ગામો પૈકી ૨૦૦ ગામોમાં ૧૦૦ ટકા રસીકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ગોધરા તાલુકાના ૧૨૩ ગામો પૈકી ૪૫ ગામ, હાલોલ તાલુકાના ૧૨૩ પૈકી ૨૭ ગામ, કાલોલ તાલુકાના ૭૧ ગામ પૈકી ૩૪ ગામ, જાંબુઘોડા તાલુકાના ૫૫ ગામમાંથી ૧૯, મોરવા હડફ તાલુકાના ૫૪ ગામમાંથી ૧૨ ગામ, ઘોઘંબા તાલુકાના ૧૦૦ ગામમાંથી ૩૦ ગામ અને શહેરા તાલુકાના ૯૪ ગામમાંથી ૩૩ ગામોમાં ૧૦૦ ટકા રસીકરણની સિધ્ધિ હાંસલ કરવામાં આવી છે. જિલ્લામાં ૧૩,૧૪,૮૭૯ ના રસીકરણના લક્ષ્યાંકની સામે ૯,૩૨,૦૫૯ લાભાર્થીઓને એટલે કે ૭૦.૮૯ ટકા વેક્સિનેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ગોધરા તાલુકાના ૨,૨૮,૭૭૫ વ્યક્તિઓને, હાલોલ તાલુકાના ૧,૫૩,૮૭૭ને, કાલોલ તાલુકાના ૧,૨૨,૩૫૪ વ્યક્તિઓને, જાંબુઘોડા તાલુકાના ૨૬,૭૦૨ વ્યક્તિઓને, મોરવા હડફ તાલુકાના ૧,૧૧,૫૦૮ વ્યક્તિઓને, ઘોઘંબા તાલુકાના ૧,૩૪,૩૯૨ વ્યક્તિઓને અને શહેરા તાલુકાના ૧,૫૪,૪૫૧ વ્યક્તિઓને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. જિલ્લામાં ૩,૪૬,૪૧૭ વ્યક્તિઓને વેક્સિનનો બીજો ડોઝ પણ આપી દેવાયો છે.

કોવિડ રસીકરણની કામગીરીમાં પંચમહાલ જિલ્લામાં ૧૦૦ ટકા વેક્સિનેશનની કામગીરી પૂર્ણ થાય તે માટે જિલ્લાના દરેક તાલુકાઓમાં ૨૨૫ જેટલા રાત્રિ વેક્સિનેશન સેશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગોધરા તાલુકામાં ૫૮, કાલોલ તાલુકામાં ૬૯, હાલોલ તાલુકામાં ૧૯, જાંબુઘોડા તાલુકામાં ૦૮, ઘોઘંબા તાલુકામાં ૧૪, શહેરા તાલુકામાં ૪૮ અને મોરવા હડફ તાલુકામાં ૦૯ સેશન્સનું આયોજન કરી વેક્સિનના પ્રથમ ડોઝના ૬,૬૩૧ લાભાર્થીઓને તેમજ બીજા ડોઝના ૧૪૮૬ લાભાર્થીઓને વેક્સિન આપી દેવાઈ છે. આ ઉપરાંત જિલ્લાના દરેક ગામમાં આ કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરવા માટે દરેક તાલુકાઓમાં ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

# વેજલપુર મહાદેવ મંદિર થી નદી સુધીની મંજુર થયેલ સી.સી.રોડનું કામ ન થયા હોવાના અહેવાલના આધારે DRDએ નિયામકે સ્થળ મુલાકાત લીધી


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,
કાલોલ તાલુકાના વેજલપુર ગામે મનરેગા યોજના અંતર્ગત મંજુર કરવામાં આવેલ હાઈવે રોડ થી મહાદેવ મંદિર થી નદી સુધીના સી.સી.રોડના ભાગ-૩ અને ભાગ-૪ની કામગીરી બાબતે દૈનિક અખબારમાં પ્રસિધ્ધ થયેલ સમાચાર અન્વયે પંચમહાલ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક અને વર્કસ મેનેજર સ્થળે તપાસ માટે આવ્યા હતા. સી.સી. રોડનું કામ થયેલ ન હોય તે બાબતે પંચોની રૂબરૂ કાર્યવાહીની અપીલ કરાઈ.

કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં મનરેગા યોજના અંતર્ગત હાઈવે રોડ થી મહાદેવ મંદિર અને ત્યાંથી નદી સુધીના સી.સી.રોડનું ભાગ-૩ અને ભાગ-૪નું કામગીરી થયેલ ન હોય તેવા અહેવાલ દૈનિક અખબારમાં પ્રસિદ્ધ થયો હતો. તેના અન્વયે આજરોજ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક અને વર્કસ મેનેજર દ્વારા સ્થળ તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન હાઈવે રોડ થી મંદિર સુધી અને મંદિર થી નદી સુધીના સી.સી.રોડની કામગીરી કરવામાં આવેલ ન હોવાનું ખુલવા પામ્યું છે. ડી.આર.ડી.એના નિયામકની સ્થળ તપાસ માટે આવે તે સમયે તાલુકક્ષાના એ.પી.ઓ., ટેકનીકલ આસીસ્ટન્ટ, એ ડબલ્યુએમ તેમજ ગ્રામ રોજગાર સેવકને સ્થળ ઉપર હાજર રહેવા જણાયેલ હોવા તાલુકા કક્ષાના અધિકારીઓ હાજર રહ્યા ન હતા. ડી.આર.ડી.એના નિયામકની હાજરીમાં સી.સી.રોડ ન બન્યો હોવાનું ફલિત થતાં પંચોની સહી લઈને આગળની કાર્યવાહીનો દોર શરૂ કરાયો છે.

# ઘોઘંબા પાંચ પથરા નજીક ST બસે બે રાહદારીને અડફેટ લેતાં ઘટના સ્થળે મોત

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના પાચપથરા નજીક ગોજારીયા ગામ નજીક એસ્સાર પેટ્રોલ પમ્પ પાસે સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં એસ.ટી. બસના ચાલકે રસ્તે જતાં વટેમાર્ગુઓને અડફેટમાં લેતા બે વ્યક્તિઓના સ્થળ ઉપર જ મોત નિપજ્યા છે અને ત્રણેક વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી પરંતુ પ્રત્યક્ષ દર્શીઓ ના જણાવ્યા અનુસાર પેટ્રોલ પમ્પ નજીક સામેથી આવતા વાહન ચાલકને બચાવવા જતાં એસ ટી બસના ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતાં રોડની સાઈડ માંથી ચાલતા જઈ રહેલા વટેમાર્ગુઓ ઉપર બસના તોતીંગ ટાયરો ફરી વળ્યાં હતા અને બે વ્યક્તિના સ્થળ ઉપર જ મોત નિપજ્યા હતા તેમજ અન્ય ત્રણેક લોકો ને ગંભીર રીતે ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોની રોકકળ થી આજુબાજુ થી લોકોના ટોળે ટોળા અકસ્માત સ્થળે ઉમટી પડ્યા હતા અને ઈજાગ્રસ્તો ને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે અને હજી પણ મૃત્યુ આંક વધી શકે છે. અકસ્માત એટલો ભયંકર હતો કે મૃતકો અને ઈજાગ્રસ્તોની ચીસો થી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું અને લોહીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. બનાવની જાણ થતાં પોલીસ તથા૧૦૮ની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી.

# છેલ્લા અઢી વર્ષ થી બંધ થયેલ ૧૪ મેમુ ટ્રેન ૧૫ સપ્ટેમ્બર થી શરૂ કરવાના નિર્ણયથી મુસાફરોમાં આનંદ


તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,
પશ્ચિમ રેલ્વે દ્વારા ૧૫ સપ્ટેમ્બરની છેલ્લા અઢી વર્ષ થી બંધ મેમુ પેસેન્જર ટ્રેન શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેને લઈ નોકરીયાત વર્ગ અને મધ્યમ વર્ગમાં આનંદ જોવા મળી રહ્યો છે.

કોરોના મહામારીને ૧૪ મેમુ ટ્રેન અને ૨ ડેમુ ટ્રેનને બંધ કરવામાં આવી હતી. છેલ્લા અઢી વર્ષ થી મેમુ ટ્રેન બંધ રહેતા મધ્યમવર્ગ અને કાયમી અપડાઉન કરતા નોકરીયાત વર્ગ ઉપર આર્થીક બોજ વધ્યો હતો. આખરે પશ્ચિમ રેલ્વે વિભાગ દ્વારા ૧૪ મેમુ ટ્રેન સેવા ૧૫ સપ્ટેમ્બર થી ફરી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્યારે વડોદરા-દાહોદ, ભરૂચ-સુરત, વડોદરા-અમદાવાવદ, આણંદ-ખંભાત, સુરત-વડોદરા વચ્ચે મેમુ પેસેન્જર ટ્રેન દોડતી થશે. મેમુ ટ્રેન સેવા શરૂ કરવાના પશ્ચિમ રેલ્વેના નિર્ણય થી કાયમી અપડાઉન કરતાં નોકરીયાત વર્ગ અને મધ્યમવર્ગમાં આનંદ જોવા મળ્યો છે.

# કાલોલ તાલુકાના મલાવ પંથકના ખેડુતોના વીજ કંપની સામેના રોષને લઈ આજરોજ વીજ કંપની દ્વારા લાઈનની સફાઈ શરૂ કરાઈ


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
ક ા લ ા ે લ એમ.જી.વી.સી.એલ.થી પરેશાન થઈ ગયેલ તાલુકાના ખેડુતોએ રોષ પ્રગટકરી સોમવારના રોજકચેરી ખાતે પોંહચી જઈને નગર સહીત ઉદ્યોગઓ અને અંદાજિત ૮૦ ઉપરાંતના ગામોનો વીજ પુરવઠો બંધ કરાવી દેવાયો હતો. ખેડુતોએ કચેરીને તાડું મારી ઘરણા ઘરી રામધુનનું રટન કરવામાં આવ્યું હતું. લાંબા સમયથી ગ્રામ્ય વિસ્તારોમાં છાસ વારે વીજ પુરવઠો ખોરવાતા પરેશાન થઈ ગયેલ ખેડુતો સવારથી જીદ પર ઉતરી ગયાં હતાં. ખેડુતોએ તાત્કાલિક તેમની માંગણી પૂર્ણ થાય તેવી જીદ પકડી કચેરી બહાર ધરણા ધર્યા હતાં. જેના કારણે જિલ્લા મહિલા જૌખ તેમજ એમ.જી.વી.સી.એલ ના અધિકારી સંજય વર્મા અધિક્ષક ઈજનેર વર્તુળ કચેરી ગોધરા થી ઉંચ અધિકારીઓ કાલોલ ખાતે દોડી આવ્યા હતાં. અધિકારીઓ અને ખડુતો વચ્ચે લાંબા સમય સુધી વાતાઘાટોની અટકડો વચ્ચેનો વચલો નિર્ણય ખેડૂતોએ માન્ય ગણાતા મોડી સાંજે મામલો ઠારે પડ્યો હતો.જેના પગલે સફાડું બનેલ વીજ તંત્ર મંગળવારે સવારથી જ મલાવ પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં અડચણ રૂપ વૃક્ષોની ડાળિયોનું કટીંગ કરી લાઈન સફાઈની કામગીરી કરી છે. જયારે બીજી તરફ ખેડુતોના વિકટ પ્રશ્નનોના નિકાલ માટે મંગળવાર ના રોજ કાલોલ તાલુકાના ખેડૂતોનાં વીજળી ના પ્રશ્નનોના કાયમી નિરાકરણ લાવવા માટે ૧૨૭ વિધાનસભાના ધારાસભ્ય સુમનબેન ચૌહાણ તેમજ મલાવ ગામના આગેવાન ખેડુત તેમજ કેટલાંક ભારતીય જનતા પાર્ટી ના કાર્યકરો વડોદરા મધ્ય ગુજરાત વીજકંપની ના એમ.ડી શ્રી ભટ્ટ સાથે રૂબરૂ મુલાકાત કરી કાલોલ તાલુકા ના વીજળી ના લગતા પ્રશ્ન ને કાયમી પણે નિવેડો લાવી સમય સર વીજ પુરવઠો મળે તે બાબતે ધારાસભ્યએ ધારદાર રજુઆત કરી.અધિકારીએ ચોક્કસ કામગીરી કરી આપવાની બાહેધરી આપતા ખેડુતની ખુશીનો આનંદ બમણો થઈ ગયો.